RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 205* Date: 16.05.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ચક્રવાતી વાવાઝોડા મોચાએ મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી

## મોચા ચક્રવાત ફેરવાયું ભીષણ વાવાઝોડામાં, બંગાળના દરિયાકાંઠા વિસ્તારોને એલર્ટ કરાયા

(એ.આર.એલ),કોલકતા,તા.૧૫ ચક્રવાતી વાવાઝોડા મોચાએ મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી હતી હવે તે બંગાળની ખાડીને અડીને આવેલા વિસ્તારોમાં વાવાઝોડામાં ફેરવાઇ ગયું છે આથી બંગાળમાં પણ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે લોકોને દરિયાની નજીક ન જાય તે માટે નિયમો જાહેર કર્યા છે. તોફાની વાવાઝોડું 'મોચા' મધ્ય બંગાળની ખાડીને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં તીવ્ર વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે. આ મોચા વાવાઝોડા દરમિયાન ૯ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશામાં આગળ વધી રહ્યું છે. ૧૪ મે રવિવારના રોજ બાંગ્લાદેશ અને મ્યાનમારના દરિયાકાંઠા પર ચક્રવાત મોચાએ દસ્તક આપી હતી. પશ્ચિમ બંગાળમાં ડિઝાસ્ટર મેનેઝમેન્ટ ફોર્સના જવાનોને પણ એલર્ટ આપવામાં આવ્યું હતું.

મળેલ માહિતી મુજબ, પૂર્વા મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારો હાઈ એલર્ટ પર છે. પીટીઆઈ દ્વારા જણાવેલ અહેવાલ મુજબ ડાઇવર્સ સહિત એનડીઆરએફની ટીમો સાથે, દિઘા-મંદારમણીના દરિયાકાંઠાના વિસ્તારો પણ એલર્ટ પર છે. તેમજ વિભાગે લોકોને દરિયાની નજીક ન જવાના નિયમો જાહેર કર્યા છે.

વિભાગે લોકો પર નજર રાખવા માટે બકખલી બીચ પર સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગ્રુપના ૧૦૦ થી વધુ કર્મચારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ સુંદરવનના બંધોમાં તિરાડો પડી ગઈ છે. જેથી સાવચેતીના ભાગરૂપે તેમને બંધ કરવામાં આવી રહ્યા છે.

દરિયાની નજીક જતાં લોકોને રોકવા માટે પોલીસ અને પ્રશાસન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી રહ્યા છે. એનડીઆરએફ ટીમના સભ્ય વિકાસ સાધુએ કહ્યું કે અમે પ્રવાસીઓને સમુદ્રની નજીક જવાની મંજૂરી નથી આપી રહ્યા, જ્યાં જોરદાર મોજા ઉછળી રહ્યાં છે. અમે બીચ પરની હિલચાલને નિયંત્રિત કરી રહ્યા છીએ. અમને આગામી કેટલાક કલાકો માટે એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ મોચા વાવાઝોડું સોમવારે (૧૫ મે)ના રોજ રાજ્યમાં ત્રાટકે તેવી શક્યતા છે, જેના કારણે પૂર્વા મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાઓમાં દરિયાકાંઠાના વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવા માટેની વ્યવસ્થા કરાઈ છે.માહિતી મુજબ, ચક્રવાત મોચા કોક્સબજારથી ૨૫૦ કિમી દક્ષિણમાં હતું. ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ચક્રવાત મોચાએ રવિવારે (૧૪ મે) મ્યાનમારના દરિયાકાંઠાના વિસ્તાર સિત્તવેમાં તબાહી મચાવી રહી છે. મ્યાનમારના રખાઈન રાજયની રાજધાની સિત્તવેના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયા હતા જ્યારે પવન ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. અલ જઝીરા મુજબ, મ્યાનમારમાં ભૂસ્ખલનને કારણે બે લોકોના મોત થયા છે. તેમજ સ્થાનિક મીડિયાએ મ્યાનમારમાં એક વૃક્ષ પડવાથી એક વ્યક્તિના મોતના અહેવાલ આપ્યા હતા.દરમિયાન ચક્રવાત મોકાએ મ્યાંમારના ઘણા વિસ્તારોમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે.અહીં ૧૯૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જે ૨૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. બાંગ્લાદેશના હવામાન વિભાગે કહ્યું- મોકા છેલ્લા ૨ દાયકામાં દેશમાં ત્રાટકનારું સૌથી શક્તિશાળી તોફાન બની શકે છે.જેના કારણે દેશનો કોરલ આઇલેન્ડ સેન્ટ માર્ટિન પર ડૂબી જવાનું જોખમ છે. હાલમાં, એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યાં છે અને માછીમારોને દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. મોકા શનિવારે રાત્રે મધ્ય અને નજીકના દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિણમ્યું હતું. તેનાથી વિશ્વના સૌથી મોટા શરણાર્થી શિબિરને પણ અસર થઈ શકે છે.વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઈઝેશન અનુસાર જો ચક્રવાતને કારણે પૂર કે ભૂસ્ખલન થાય છે તો તે બાંગ્લાદેશ-મ્યાંમાર સરહદ પર સ્થિત રોહિંગ્યા શરણાર્થી શિબિરને નષ્ટ કરી શકે છે. આ શરણાર્થી શિબિરમાં લગભગ ૮ લાખ ૮૦ હજાર રોહિંગ્યા રહે છે. ૫ લાખ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું કે ચક્રવાતી તોફાન છેલ્લા ૬ કલાકમાં ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-ઉત્તરપૂર્વ તરફ આગળ વધ્યું છે. આ વાવાઝોડું ૧૪ મેના રોજ બપોરે બાંગ્લાદેશના કોક્સ બજાર અને મ્યાંમારના ક્યુકપ્યુને પાર કરે તેવી શક્યતા છે. આ દરમિયાન પવનની ઝડપ ૧૫૦-૧૬૦ કિમી પ્રતિ કલાકથી ૧૭૫ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે.

## ડ્રાઈવર વગર ચાલતા ટ્રકે બે ભાઈઓને કચડ્યા, સામે આવ્યો ચોંકાવનારો વિડીયો

સુરેન્દ્રનગરઃ ચોટીલામાં માર્ગ અકસ્માતની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં ડ્રાઈવર વગર ચાલતા ટ્રકે બે ભાઈઓને કચડી નાખતા મોતને ભેટ્યા હતા. ઘટનાનો સીસીટીવી વિડીયો પણ સામે આવ્યો છે. જેમાં ઢાળ પરથી એક ટ્રક ડ્રાઈવર વગર દોડી રહ્યો છે અને રોડ પર ચાલી રહેલા બે ભાઈઓ પર ફરી વળે છે. ટક્કર બાદ બંને ભાઈ ટાયર નીચે આવી જતાં ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને એમ્બ્યુલન્સ તેમજ પોલીસને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડીને આકસ્મિક મોતનો ગુનો દાખલ કરીને અકસ્માત સર્જનાર ટ્રક ડ્રાઈવર અને અકસ્માત કેવી રીતે સર્જાયો તે દિશામાં તપાસ હાથ ધરી હતી.ઘટનાની વિગતો પર નજર કરીએ ચોટીલામાં પેટ્રોલપંપ પાસે રોડના ઢાળમાં ઉભેલું ટ્રક અચાનક જ ડ્રાઈવર વગર ચાલવા લાગ્યું હતું. આ દરમિયાન ટ્રક રોડ પરથી પસાર થતાં મૂળ રાજસ્થાનના રહેવાસી પુષ્પેન્દ્ર અને વિરેન્દ્ર બુનેરા નામના બે સગાભાઈઓ પર કાળ બનીને ફરી વળ્યું હતું. એટલું જ નહીં, અકસ્માત સર્જ્યા બાદ ડ્રાઈવર વગરનું ટ્રક ચોટીલા મામલતદારની કચેરીની દિવાલ સાથે અથડાયું હતું. આ સમગ્ર ઘટના રોડ પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થતાં હવે તેનો વિડીયો પણ સોશિયલ મીડિયા પર ફરતો થયો છે.અકસ્માત અંગે સામે આવેલી વિગતો પ્રમાણે ડ્રાઈવર હેન્ડબ્રેક કર્યા વગર જ કોલસા ભરેલી ટ્રક મૂકીને ક્યાંક જતો રહ્યો હતો. થોડીવાર બાદ અચાનક ઢાળ પર ટ્રક દોડવા લાગ્યું હતું અને રસ્તાની બીજી તરફ જતું રહ્યું હતું. આ દરમિયાન તે બંને ભાઈઓ પર ફરી વળતા બંનેના ઘટનાસ્થળ પર જ મોત થતાં અરેરારી ફેલાઈ હતી. બનાવની જાણ થતાં પરિવારજનો માથે આભ તૂટી પડ્યું છે. બીજી તરફ રવિવારે રજાનો દિવસ હોવાથી રોડ પર ભીડ ઓછી હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. પોલીસ અકસ્માતના સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.સૌરાષ્ટ્રમાં અકસ્માતની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. શનિ-રવિ બે દિવસમાં અકસ્માતની અનેક ઘટનાઓ સામે આવી. આ દરમિયાન રવિવારે બપોરે અમદાવાદ-રાજકોટ હાઈવે પર ડમ્પર પાછળ ટ્રક ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ફસાઈ ગયો હતો. જેને ભારે જહેમત બાદ બહાર કાઢીને ઈજાઓ થવાને કારણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

## વડોદરાના વાસણા-ભાયલી રોડ પર બનશે ૩૧ માળના બે ટાવર, રહેવાસીઓને મળશે આધુનિક સુવિધાઓ

વડોદરાઃ અમદાવાદ બાદ વડોદરામાં પણ હાઈરાઈઝ બિલ્ડિંગ બનવા લાગી છે. શહેરને ખૂબ જલ્દી ગુજરાતની સૌથી ઊંચી બિલ્ડિંગમાંથી એક મળવાની છે. વડોદરાના એક સ્થાનિક ગ્રુપને ૩૧ માળના રેસિડેન્શિયલ એપાર્ટમેન્ટ બનાવવાની પરમિશન મળી ગઈ છે અને આ અહીંની પહેલી આટલી ઊંચી બિલ્ડિંગ હશે. હાલમાં છાણી વિસ્તારમાં ૨૨ માળના બે અપાર્ટમેન્ટ સૌથી ઊંચા છે. 'અમદાવાદ બાદ વડોદરા ઊંચી બિલ્ડિંગ ધરાવતું રાજ્યનું બીજું શહેર હશે. અમે બાજુબાજુમાં ૩૧ માળની બે બિલ્ડિંગ બનાવવાના છીએ. અમને રાજ્ય સરકાર અને વડોદરા મહાનગરપાલિકા (વીએમસી) પાસેથી જરૂરી પરમિશન પણ મળી ગઈ છે', તેમ વાસણા-ભાયલી રોડ પર એપાર્ટમેન્ટ બનાવવા જઈ રહેલા રોસેટે ગ્રુપના (Rosette Group) સીઈઓ નિશિત પટેલે જણાવ્યું હતું. આલિશાન બિલ્ડિંગમાં બે માળ સુધી દુકાનો હશે અને બાકીના ઉપરના માળમાં ત્રણ-બેડરૂમ અને ચાર-બેડરૂમના ફ્લેટ હશે. 'બંને ટાવરને ૨૦મા માળે એક બ્રિજથી જોડનામાં આવશે. આ બ્રિજમાં જિમ્નેશિયમ અને ક્લબહાઉસ હશે. તે રાજ્યમાં તેના પ્રકારની પહેલી આર્કિટેક્ચરલ અજાયબી હશે. પહેલો ટાવર આગામી એક વર્ષમાં બની જશે જ્યારે બીજા ટાવરને વધુ બે વર્ષ લાગશે', તેમ પટેલે અમારા સહયોગી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.૧૧૫ મીટર ઊંચા ટાવરમાં ૪૧ દુકાનો સિવાય ૧૫૦ ફ્લેટ હશે. 'ટાવરને મોથોલિથિક બાંધકામ સ્ટાઈલથી બનાવવામાં આવશે, જેમાં દિવાલ અને સ્લેબ સહિતનું માળખું કોંક્રિટમાંથી બનાવવામાં આવશે', તેમ તેમણે સમજાવ્યું હતું. આ સાથે જણાવ્યું હતું કે, તે માળખાને મજબૂત બનાવે છે તેમજ કંસ્ટ્રક્શન પણ ઝડપથી થાય છે. 'શહેરમાં ફ્લેટની માગ વધી ગઈ છે અને લોકો હવે વધુ મોંઘા બંગલોના બદલે એપાર્ટમેન્ટમાં રહેવાનું વધું પસંદ કરી રહ્યા છે. તેથી, જ અમે ટાવર બનાવવાનું નક્કી કર્યું હતું જે ટ્રેન્ડ સેટ કરશે', તેમ પટેલે જણાવ્યું હતું. આ ટાવરમાં પાર્કિંગની જગ્યા સિવાય ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ પોઈન્ટ અને સોલર પેનલ પણ હશે.અમદાવાદના એસજી હાઈવે પર ગુજરાતની સૌથી ઊંચી બિલ્ડિંગ બનવાની છે અને તેમા ૪૨ માળ હશે. આ પણ કોઈ કોમર્શિયલ નહીં પરંતુ રેસિડેન્શિયલ ટાવર હશે. એસજી હાઈવે પર પહેરલાથી જ ૪૧ માળની એક કોમર્શિયલ બિલ્ડિંગનું પ્લાનિંગ થયું છે. ૪૨ માળની ગગનચુંબી બિલ્ડિંગમાં ચાર બેડરૂમ અને પાંચ બેડરૂમ ધરાવતા એપાર્ટમેન્ટ હશે. આ ટાવર બનાવવા પાછળ આશરે ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહેવામાં આવી રહ્યું છે. આ બિલ્ડિંગનું બાંધકામ એઆરકે ઈન્ફ્રા કરવાનું છે. બિલ્ડિંગનું બાંધકામ ૫૫૦૦ સ્ક્વેર ફીટના પ્લોટ પર બાંધવામાં આવશે, જેમાં ત્રણ ફ્લોર સુધી પાર્કિંગ રહેશે અને કુલ ૬૫ યુનિટ હશે. અમદાવાદના મકરબા વિસ્તારમાં પણ ૪૧ માળની ઊંચી બિલ્ડિંગ બનવાની છે, જેની ઊંચાઈ ૧૪૫ મીટર હશે. આ પ્રોજેક્ટનું નામ ટાઈટેનિયમ વર્લ્ડ ટાવર છે અને આ બિલ્ડિંગને મંજૂરી આપવાની પ્રક્રિયા ચાલુ છે. આ સિવાય બોડકદેવમાં ૧૧૮ મીટર અને ૧૩૮ મીટરની તેમ બે બિલ્ડિંગને મંજૂરી મળી છે, જેમાં અનુક્રમે ૨૮ અને ૩૫ માળ હશે. આ સિવાય ગોતામાં ૩૨ અને ૩૫ માળના બે ટાવર બનશે. જણાવી દઈએ કે, અમદાવાદ મહાનગરપાલિકા પાસે ૭૦ મીટરની ઊંચાઈ ધરાવતી બિલ્ડિંગને પરમિશન આપવાનો અધિકાર છે અને જો તેનાથી ઊંચી બિલ્ડિંગ બનાવવી હોય તો રાજ્ય સરકારની પરવાનગી લેવી પડે છે.

## કથિત કસ્ટોડિયલ ટોર્ચરઃ બોટાદના મજૂરનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મોત થયું

અમદાવાદ/રાજકોટઃ બોટાદ પોલીસ સ્ટેશનમાં કથિત કસ્ટડી ટોર્ચરના એક મહિના પછી ૨૫ વર્ષીય મજૂર કાળુ પાધારસીએ રવિવારે સવારે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. મૃતકના પરિવારજનોએ રવિવારે હોસ્પિટલમાં તેના મૃતદેહને સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો, અને માગણી કરી હતી કે પોલીસે ૧૪ એપ્રિલના રોજ કથિત ત્રાસ માટે બોટાદ પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસકર્મીઓ સામે ફરિયાદ નોંધવી જોઈએ, જેના કારણે કાળુનું મૃત્યુ થયું છે.આ સમગ્ર મામલે એડવોકેટ દિવ્યેશ નિમાવતે ૧૧ મેના રોજ ગુજરાત હાઈકોર્ટમાંથી પોલીસને આ સંબંધમાં એફઆઈઆર નોંધવા માટેના નિર્દેશો માંગતી અરજી કરી હતી. તેમણે જણાવ્યું કે, માથામાં ગંભીર ઈજાના કારણે કાળુનું મૃત્યુ થયું છે. કાળુના પિતા ઉસ્માનભાઈ દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજી મુજબ, ત્રણ પોલીસકર્મીઓ - અમીરાજ બોરીચા, નિકુલ સિંધવ અને રાહી સિદાતારા - ૧૪ એપ્રિલના રોજ બપોરના ૧.૩૦ વાગે કાળુ પાસે પહોંચ્યા હતા જ્યારે તે બોટાદ સ્થિત તેના ઘરની બહાર બેઠો હતો.પોલીસે કાળુને કેટલાક વ્યક્તિઓ વિશે પૂછપરછ કરી હતી જેમાં તેણે કહ્યું હતું કે તે તેમને ઓળખતો નથી. ત્યારબાદ પોલીસે કાળુને પૂછ્યું કે તે કોની મોટરસાઇકલ પર બેઠો હતો અને તેણે કહ્યું કે તે તેનું પોતાનું વાહન હતું. ત્યારપછી પોલીસકર્મીઓએ વાહનના કાગળો માગ્યા ત્યારે કાળુએ તેમના ઓળખના પુરાવાની માગણી કરી કારણ કે પોલીસ સાદા કપડામાં હતી. આનાથી પોલીસ ગુસ્સે થઈ ગઈ હતી અને કાળુને બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને તેને કથિત રીતે ઢોર માર માર્યો હતો અને તેનું માથું દિવાલ સાથે અથડાવ્યું હતું.કાળુના પિતા ઉસ્માનભાઈ બોટાદ પોલીસ સ્ટેશનમાં તેમના પુત્રની તપાસ કરવા ગયા હતા જ્યારે તેમને ખબર પડી કે તેમને ત્રણ પોલીસકર્મી ત્યાં લઈ ગયા છે. ત્યાંના એક પોલીસ અધિકારીએ ઉસ્માનભાઈને જાણ કરી કે તેમનો પુત્ર બોટાદ ટાઉન પોલીસની કસ્ટડીમાં નથી.ત્યારપછી કાળુના પિતા બોટાદ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ઓફિસમાં ગયો હતા, પરંતુ ત્યાં પણ તેમને કાળુ અંગે કોઈ માહિતી મળી નહીં. પુત્રની શોધમાં ઉસ્માનભાઈ ૧૪ એપ્રિલના રોજ બપોરે ૩.૩૦ વાગે ફરી બોટાદ પોલીસ સ્ટેશનમાં પાછા આવ્યા હતા જ્યાં એક આરોપી પોલીસકર્મી બોરીચાએ તેમને જાણ કરી હતી કે તેમનો પુત્ર ત્યાં છે અને તે જ દિવસે લગભગ ૩.૪૫ વાગ્યે કાળુને પિતા ઉસ્માનભાઈને સોંપવામાં આવ્યો હતો. જ્યારે કાળુ પોલીસ સ્ટેશનથી બહાર નીકળ્યો ત્યારે તેને માથાના દુખાવાની ફરિયાદ કરી હતી.ઘરે આવ્યા બાદ બે દિવસ સુધી કાળુ કોઈ કામ કરી શક્યો નહીં અને ૧૭ એપ્રિલે તેની હાલત વધુ ખરાબ થતાં તેણે બે કલાક કામ કર્યા બાદ પરત ઘરે ફરવું પડ્યું હતું. ત્યારબાદ તેને સારવાર માટે બોટાદની વડોદરિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરે મેડિકો-કાનૂની કેસ દાખલ કરવાનું સૂચન કર્યું હતું, ત્યારબાદ તેને ૧૭ એપ્રિલે ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને ઈન્ટ્રાસેરેબ્રલ હેમરેજ હોવાનું નિદાન થયું હતું.૧૮ એપ્રિલના રોજ પોલીસકર્મી અમીરાજ બોરીચા કાળુનું નિવેદન નોંધવા ભાવનગર સિવિલ હોસ્પિટલમાં આવ્યો હતો, પરંતુ તેને જોઈને કાળુએ તેમને પૂછ્યું કે, તેનો શું વાંક છે અને તેને આટલી ખરાબ રીતે કેમ મારવામાં આવ્યો? આ સવાલોનો જવાબ બોરિયા આપી શક્યો નહીં અને ત્યાંથી નીકળી ગયો. જો કે, બોટાદ પોલીસના ઘણા વરિષ્ઠ અધિકારીઓએ કાળુની મુલાકાત લીધી હતી. કાળુની તબિયત વધારે ખરાબ થતાં વધુ સારવાર માટે ૨૦ એપ્રિલના રોજ તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં તેના પર બે સર્જરી કરવામાં આવી હતી. તે ૨૦ એપ્રિલથી ૩ મે દરમિયાન કોમામાં રહ્યો હતો અને બાદમાં તેને ICUમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો, તેવું અરજદારે જણાવ્યું હતું. ૨૦ એપ્રિલના રોજ ઉસ્માનભાઈએ બોટાદ પોલીસ સમક્ષ ત્રણેય પોલીસ સામે આઈપીસીની કલમ ૩૦૭ હેઠળ હત્યાના પ્રયાસનો ગુનો નોંધવા ફરિયાદ કરી હતી. બાદમાં તેમણે HCમાં અરજી દાખલ કરી હતી, જેમાં માત્ર FIR માટે જ નહીં પરંતુ તેમના પુત્રના કસ્ટડીમાં ટોર્ચર કરવાના પુરાવાને સુરક્ષિત રાખવા માટે પણ નિર્દેશ માંગવામાં આવ્યો હતો. જેથી ૧૨ મેના રોજ હાઈકોર્ટે બોટાદના એસપીને તે દિવસના બોટાદ પોલીસ સ્ટેશનના સીસીટીવી ફૂટેજ મેળવવા માટે નિર્દેશ આપ્યો હતો જ્યારે કાળુને કથિત રીતે લઈ જવામાં આવ્યો હતો અને માર મારવામાં આવ્યો હતો, તેમજ તેને જ્યાં દાખલ કરવામાં આવ્યો હતો તે હોસ્પિટલોના ફૂટેજ પણ મેળવવા આદેશ કર્યો હતો. આ કેસની આગામી સુનાવણી ૬ જૂને થવાની છે.

## પાકિસ્તાનની જેલમાંથી માછીમારો મુક્તઃ ટ્રેન મારફત વહેલી સવારે વડોદરા પહોંચ્યા

(એ.આર.એલ),વડોદરા,તા.૧૫ દરિયામાં માછીમારી કરતી વખતે પાકિસ્તાન કોસ્ટગાર્ડે પકડેલા ગુજરાતના ૧૮૪ માછીમારોને પાકિસ્તાને મુક્ત કર્યા છે. તમામ માછીમારો આજે વહેલી સવારે ૫ વાગ્યે અમૃતસર-કોચુવેલી એક્સપ્રેસ ટ્રેનમાં વતન ગુજરાત પરત ફર્યા છે. વડોદરા રેલવે સ્ટેશન પર રાજ્યના મત્સ્યઉદ્યોગ મંત્રી રાઘવજી પટેલે માછીમારોનું સ્વાગત કર્યું હતું. આ સમયે માછીમારોના ચહેરા પર તેમની વતન વાપસીની ખુશી જોવા મળી હતી. જો કે, માછીમારોએ પાકિસ્તાનની જેલમાં પડેલી યાતનાઓ વિષે પણ વાત કરી હતી. પાકિસ્તાનથી પરત ફરેલા માછીમારોમાં કોઇ ૩ વર્ષથી તો કોઇ ૫ વર્ષથી કરાચી જેલમાં બંધ હતા.

પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઇને આવેલા કોડિનારના રહેવાસી કાંતિ મકવાણાએ જણાવ્યું હતું કે, અમે દરિયામાં ભારતીય બોર્ડર વિસ્તારમાં હતા, પરંતુ પાણીના વહેણને કારણે અમે પાકિસ્તાન તરફ જતા રહ્યા હતા. આ સમયે પાકિસ્તાની આર્મી આવી જતા અમને પકડીને કરાચી જેલમાં મોકલી દીધા હતા. મને સાડા ત્રણ વર્ષ જેલમાં રાખવામાં આવ્યો હતો. અમને ૧૧ મેના રોજ કરાચી જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને આજે વડોદરા પહોંચ્યા છીએ. આજે અમે દિલથી ખૂબ ખુશ છીએ. પાકિસ્તાનની જેલમાં ખૂબ જ યાતનાઓનો સામનો કરવો પડ્યો હતો. સમયસર જમવાનું નહોતુ મળતું. ખૂબ મુશ્કેલી વચ્ચે મેં સાડા ત્રણ વર્ષ કાઢ્યા છે, પરંતુ આજે પરિવારને મળવા માટે અમે અધીરા બન્યા છીએ.

પાકિસ્તાનની જેલમાંથી મુક્ત થઈને આવેલા કોડિનારના રહેવાસી લખાભાઈએ જણાવ્યું હતું કે, અમે સમુદ્રમાં માછીમારી કરવા ગયા હતા, સમુદ્રમાં બોર્ડરની કોઈ દિવાલ હોતી નથી. પાણીના કરંટ અને ઝડપી હવાના કારણે બોર્ડર ક્રોસ કરી અને પાકિસ્તાનમાં પહોંચી ગયા હતા. તે સમયે પાકિસ્તાની કોસ્ટગાર્ડે અમને પકડી લીધા હતા અને કરાચીની લાંડી જેલમાં નાખ્યા હતા. જ્યાં અમને ૪ વર્ષ રાખવામાં આવ્યા. પાકિસ્તાન જેવી જેલમાં જીવવુ ખૂબ જ મુશ્કેલ છે. ઘરવાળાની ચિંતા અને બાળકોના વિયોગ વચ્ચે ૪ વર્ષ ખૂબ કપરા રહ્યા હતા. ડિસિપ્લિન ન રાખીએ પાકિસ્તાની પોલીસ અમને માર પણ મારતી હતી અને ઘણીવાર રૂમમાંથી પણ નીકળવા દેતા નહોતા. રાજ્યના મત્સ્યઉદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ૧૮૪ જેટલા માછીમાર ભાઇઓ પાકિસ્તાનના જેલમાં કેદ હતા. તેઓને ભારત સરકારના પ્રયાસોથી ભારતીય માછીમારોનો છુટકારો થયો અને વાઘા બોર્ડરથી આજે વતન પરત લાવવામાં આવ્યા છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતાં
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વૈષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.
તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ : ૨૦-૫-૨૦૨૩
-: આયોજક :-
લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૭૬૬, ૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

## તંત્રી સ્થાનેથી...

# માથું ઉંચકતો હિન્દુફોબિયા

*દુનિયાના કેટલાક દેશોમાં આ સમયે હિન્દુઓ વિરુદ્ધ સુનિયોજીત અભિયાન ચાલી રહયું છે. આ હિન્દુફોબિયા મુખ્યરુપે અમેરિકા અને યુરોપમાં કટ્ટરપંથી ઈસ્લામામિસ્ટ અને ભારત વિરોધી બુદ્ધિજીવીઓ દ્વારા ફેલાવવામાં આવી રહ્યું છે. આ સ્થિતિમાં ભારત સરકારથી એ અપેક્ષા હોઈ શકે કે તે હિન્દુફોબિયા અંગે ચાલતા બેલગામ અભિયાનને અટકાવવા માટે આ દેશોને ચેતવણી આપે. હિન્દુઓ વિરુદ્ધ ચલાવતી આ મુહિમનું તાજું ઉદાહરણ હેનરી જૈક્સન સોસાયટી એટલે કે એચજેએસ નામની સંસ્થા દ્વારા બ્રિટનમાં વિદ્યાર્થીઓ અને પરિવારજનો વચ્ચે કરાયેલા સર્વમાં સામે આવ્યું છે. સર્વ કરનારી સંસ્થા અનુસાર બ્રિટીશ સ્કૂલોમાં હિન્દુઓ વિરુદ્ધ ભેદભાવની તપાસ કરવાનો આ પ્રથમ પ્રયાસ છે. જે દર્શાવે છે કે હિન્દુઓ અંગે ફેલાવવામાં આવતી ઘૃણાને અટકાવવામાં સ્કૂલો કેટલી અસહાય છે. સર્વ અનુસાર વિદેશી મૂળના લોકો પ્રત્યે નાપસંદગીનો મોટો મુદ્દો છે. એક અન્ય મુદ્દા અનેક દેવ-દેવતાઓની પૂજા મામલામાં હિન્દુ વિદ્યાર્થીઓ પર ટીકાટીપ્પણી કરવામાં આવી રહી છે. ઈસ્લામિક ચરમપંથ અને હિન્દુ બાળકો પર તેનો પ્રભાવ પણ ચિંતાજનક છે. હિન્દુ બાળકોને મુસ્લિમ બાળકો 'કાફિર' કરે છે અને મોટાભાગે તેઓ સાથે ઈસ્લામમાં મતાંતરિત થવા કે પછી નરકમાં જવા માટે તૈયાર રહેવાનું કહેતા રહે છે. આ સર્વમાં બ્રિટનની ૧૦૦૦ સ્કૂલોના આંકડા એકત્ર કરવામાં આવ્યા છે તો સ્વાભાવિક રુપથી આ એક મોટી કવાયત છે. બ્રિટનની કુલ જનસંખ્યામાં ૧.૭ ટકાથી હિસ્સેદારી સાથે હિન્દુ ત્યાં ત્રીજો સૌથી મોટો ધર્મ છે. જો કે એક પ્રવાસી સમુદાયના રુપમાં બ્રિટીશ હિંદુઓના અનુભવો અંગે ખૂબ ઓછી તપાસ કે શોધ થઈ છે. પરંતુ આ સર્વમાં નોંધાયું છે કે, ગત વર્ષ સપ્ટેમ્બરમાં લેસ્ટર અને બર્મિંગહામમાં હિન્દુઓની સંપતિઓ અને તેમના ઉપાસના સ્થળોને કેવી રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. દુનિયાભરના હિન્દુ ભલે આ વાતને લઈને કદાચ આકંદિત હોય પરંતુ ઋષિ સુનકના રૂપમાં એક ધર્મપરાયણ હિન્દુ બ્રિટીશ પ્રધાનમંત્રી છે. પરંતુ તેઓએ વાસ્તવિકતાથી પરિચિત થવું જરુરી છે. આથી જ રિપોર્ટના સર્વથી ચિંતાજનક સ્થિતિ જોઈને ભારત સરકારે તત્કાળ પગલું ભરવાની આવશ્યકતા દર્શાવી હતી. વિભિન્ન દેશો ખાસ કરીને તથાકથિત ઉદારવાદી પશ્ચિમી દેશોમાં આ પ્રકારનું ઉદાહરણો બને તે પહેલા ભારત દ્વારા કારગત પગલું ભરવા આહ્વાન કરાયું છે. એચજેએસ સંસ્થા અનુસાર જે બાળકો અને તેમના પરિજનો સાથે વાતચીત કરવામાં આવી હતી તેમાં ૫૧ ટકાએ જણાવ્યું હતું કે, તેમના બાળકોને હિન્દુવિરોધી નફરત અને તેનાથી થતા નુકસાનનો સામનો કરવો પડયો છે. જયારે ફકત ૧૯ ટકા લોકોએ જ શાળાઓમાં હિન્દુ વિરોધી નફરત હોવાનું માન્યું હતું. જો કે હિન્દુ વિદ્યાર્થીઓ વિરુદ્ધની અનેક ઘટનાઓ સર્વમાં જોવા મળી હતી. જેમાં આઠ ઘટનાઓ ચિન્હિત કરવામાં આવી છે. એક ઘટનામાં હિન્દુ વિદ્યાર્થિની પર ગૌમાંસના ટુકડા ફેંકવામાં આવ્યા હતા. જયારે હિન્દુ હોવાના કારણે એક વિદ્યાર્થીને ત્રણ-ત્રણ વખત શાળા બદલવા વિવશ બનવું પડયું હતું. સર્વમાં ઉલ્લેખ છે કે હિન્દુ છાત્રોના પરિવારજનોને આશંકા છે કે હિન્દુ વિરોધી નફરત અભિયાનનો હેતુ ભારતમાં આગામી સામાન્ય ચૂંટણી પહેલા ભારતવંશીઓ વચ્ચે હિન્દુ-મુસ્લિમ તણાવ વધારવાનો છે. હિન્દુ વિદ્યાર્થીઓના પરિવારજનો હિન્દુત્વની શિક્ષા સાથે જોડાયેલી ગુણવત્તા અંગે પણ ચિંતિત છે. તેમની ચિંતા એ બિંદુ પર કેન્દ્રિત છે કે હિન્દુત્વને પણ અબ્રાહમિક મજહબી દૃષ્ટિકોણથી ભણાવવામાં આવે છે, જયાં દેવતાઓ અને હિન્દુત્વની મુખ્ય અવધારણાઓની ખોટી વ્યાખ્યા કરવામાં આવી રહી છે. જે ઉપહાસનું કારણ બને છે.*

# વિશ્વ માતૃદિવસની સાચી શ્રદ્ધાંજલિ

તારીખ ૮ મે ના રોજ સવારે ૧૧ વાગ્યે ઘરમાં ચક્કર આવતા પડી જવાથી ૫૦ વર્ષ ના નિરુપાબેન ને વોકાર્ડ હોસ્પિટલ માં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યા. ન્યુરો ફિઝિસિયન ડો કેતન ચુડાસમા એ નિરૂપ બેન ને બ્રેઈન સ્ટ્રોક આવ્યાનું નિદાન કર્યું અને સારવાર ચાલુ કરી. શરૂઆત માં થોડી રિકવરી આવી પરંતુ શનિવારે સવારે ફરીથી મગજ માં સોજો આવાથી નિરૂપ બેનનું બ્રેઇનડેથ થઇ ગયું.ખુબજ પ્રેમાળ તથા દયાળુ નિરૂપા બેન સેવા અને દાન ના કાર્ય માં સદાય અગ્રેસર રહેતા. નિરુપાબેન ના પતિ દિનેશભાઇ, પુત્ર તપનભાઈ, પુત્રવધુ માર્ગીબેન તથા પુત્રી નેહાબેન અને જમાઈ રક્ષિતભાઈ પાડલીયા પણ આવો જ સેવાભાવી સ્વભાવ ધરાવતા હોવાથી જયારે ડો કિરણબેને નિરુપાબેનનું બ્રેઇનડેડ થઈ ગયું છે અને એમનું અંગદાન કરી શકાય એવું જણાવ્યું ત્યારે કોઈ પણ વિલંબ કર્યા વગર એની સહમતિ આપી . જાવિયા પરિવાર ની આ મુશ્કેલ ઘડીમાં કિરીટભાઈ જાવિયા, કુલદીપભાઈ કાલરિયા, હાર્દિકભાઈ જાવિયા, મિલનભાઈ જાવિયા, નવનીતભાઈ કાલરીયા,સ્મિતભાઈ કનેરીયા, કલ્પેશભાઈ જાવિયા, રાજભાઈ જાવિયા અને સંજયભાઈ કાનાણી એ પરિવારને સાંત્વના આપવાનું અગત્ય નું કાર્ય કર્યું. અંગદાન કરવાનું હોય એટલે રાજકોટમાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન હંમેશા આ માટે સંકલન નું સમગ્ર કાર્ય કરવામાં હંમેશા તૈયાર જ હોય . તા. ૧૩ મે ના રોજ નિરુપાબેનનું બ્રેઈન ડેડ થઈ ગયું છે એવી જાણ ન્યુરો ફિઝિશિયન ડો કેતન ચુડાસમા અને ડો કિરણબેન એ ઓર્ગન ડોનેશન ના નેફ્રોલોજિસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન ડો દિવ્યેશ વિરોજા ને કરી એટલે તેઓએ તરતજ અંગદાનની પ્રક્રિયા ચાલુ કરી દીધી. દર્દીના ક્યાં અંગોનું ડેન કરી શકાય એમ છે અને તેને બરાબર જાળવી રાખવાનું કાર્ય ડો દિવ્યેશ વિરોજા એ કર્યું. આ સાથે જ બ્રેઈન ડેથ માટેના સમગ્ર ટેસ્ટ કરવાનું કાર્ય ડો કેતન ચુડાસમા, ડો ચિરાગ માત્રવાડીયા અને ડો પાર્થ કાછડીયા એ કર્યું. વોકાર્ડ હોસ્પિટલ ના આઈ સી યુ ની સમગ્ર ટીમમાં ડો જય ત્રિવેદી, ડો હર્ષિલ ભટ્ટ, ડો. પ્રદ્યુમ્ન ચોક્સી, ડો જય વિઠલાણી, ડો મીત , ડો હાર્દિક,ડો દર્શન, ડો રાજ,વગેરે તથા નર્સિંગ સ્ટાફ હીનાબેન, નીધીબેન નકુમ, દિલસાના શેરસીયા, પાયલબેન વગેરે એ ખૂબ જ સરાહનીય કાર્ય કર્યું હતું. સમગ્ર વોકાર્ડ હોસ્પિટલ સ્ટાફ તથા અશોક ગોંધીયા ચેરીટેબલ ટ્રસ્ટ નો પણ આ સમગ્ર પ્રક્રિયામાં સંપૂર્ણ સહકાર રહ્યો હતો. ગુજરાત સરકારની અંગદાન નું સંકલન કરનાર સંસ્થા SOTTO ના ચેરમેન અને કિડની હોસ્પિટલ ના ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો પ્રાંજલ મોદી સાહેબ અને કોર્ડીનેટર પ્રિયાબેન એ અમદાવાદથી અને ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ના ભાવનાબેન મંડલી , ભાવેશભાઈ ઝીંઝુવાડિયા, હર્ષિતભાઈ કાવર અને મિત્તલભાઈ ખેતાણી એ રાજકોટ થી સમગ્ર અંગદાનની પ્રક્રિયાનું સફળતાપૂર્વક સંકલન કર્યું હતું. અંગોને ઝડપથી અમદાવાદ પહોંચાળવા માટે જરૂરી ગ્રીનકૉરીડોર કરવાનું કાર્ય એ સી પી ગઢવી સાહેબ, પી એસ આઈ એસ. કે. માલણ અને સમગ્ર રાજકોટ પોલીસ ડિપાર્ટમેન્ટ એ અત્યંત ત્વરિત ગતિએ કર્યું હતું. નિરુપાબેનના અંગદાનથી બે કિડની ફેલ્યુર ના દર્દીઓ, એક લીવર ફેલ્યુર ના દર્દી ના ટ્રાન્સપ્લાન્ટ થવાથી તેઓને નવજીવન મળશે. તેઓના સ્કિન ડોનેશનથી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં બર્ન્સ ના દર્દીઓ ને ઝડપથી રીકવરી થશે. આમ તેઓએ જતા જતા પણ ઘણી વ્યક્તિઓને નવજીવન આપવાનું કાર્ય કર્યું. આજે વિશ્વ માતૃદિવસ ના દિવસે જ નિરુપાબેન ના બ્રેઈન ડેથ ની સ્થિતિમાં તેમનું અંગદાન કરવાનો નિર્ણય લેનાર સમગ્ર પરિવારજનો ને કોટી કોટી વંદન.

# મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવા પર મેગા તૈયારી, ભાજપ ખાસ સંપર્ક અભિયાન ચલાવશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

મોદી સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના અવસર પર ભાજપ વિશેષ અભિયાન ચલાવવા જઈ રહી છે. આ અભિયાન એક વિશેષ સંપર્ક અભિયાન હશે જેની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. ૩૦મીએ મોટી રેલી યોજાશે. પીએમ મોદી આ રેલીમાં સંપર્ક અભિયાનની શરૂઆત કરશે. પીએમ મોદી ૩૧ મેના રોજ પણ રેલી કરશે. મળતી માહિતી મુજબ, આ રેલી મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ અને તેલંગાણા જેવા ચૂંટણી રાજ્યોમાં યોજાઈ શકે છે. મળતી માહિતી મુજબ દરેક લોકસભા મતવિસ્તારમાં વિશેષ સંપર્ક અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાન ૩૦મી મેથી શરૂ થશે અને એક મહિના સુધી ચાલશે અને ૩૦મી જૂને સમાપ્ત થશે. આ અંતર્ગત તમામ જિલ્લાઓ, મંડળો, શક્તિ કેન્દ્રો અને બૂથ પર વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે અને મોદી સરકારની નીતિઓ અને સિદ્ધિઓને લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આ અભિયાનમાં ભાજપના ૫૧ વરિષ્ઠ નેતાઓને પણ સામેલ કરવામાં આવ્યા છે જેઓ દેશભરમાં ૫૧ રેલીઓ કરશે. આ સિવાય ૩૯૬ લોકસભા સીટો પર રેલીઓ યોજવાની યોજના છે, જેમાં કેન્દ્રીય મંત્રી અથવા રાષ્ટ્રીય અધિકારીની હાજરી જરૂરી છે.

આ ઉપરાંત સંપર્ક દ્વારા પણ સમર્થન મેળવવાની ભાજપની યોજના છે. આ અંતર્ગત દેશના એક લાખ વિશેષ પરિવારોનો સંપર્ક કરવામાં આવશે. આ અભિયાનમાં વિપક્ષના નેતા, પ્રદેશ અધ્યક્ષ અને પક્ષના અન્ય વરિષ્ઠ સભ્યો ભાગ લેશે. રાજયની પ્રભાવશાળી વ્યક્તિઓ જેમ કે રમતવીર, કલાકાર, ઉદ્યોગપતિ, શહીદ અને અન્ય પ્રખ્યાત પરિવારો સાથે સંપર્ક કરવામાં આવશે.

દેશભરમાં પ્રેસ કોન્ફરન્સ કરવાની યોજના છે. આ પ્રેસ કોન્ફરન્સ ૨૯મી મેના રોજ થશે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, વિપક્ષના નેતા જેવા લોકો રાજયની રાજધાનીઓમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. સાંજે, તે તમામ સોશિયલ મીડિયા પ્રભાવકો સાથે વાતચીત કરશે અને સરકારની સિદ્ધિઓ જણાવશે. આ અભિયાન ૩૦ અને ૩૧ મેના રોજ ચાલશે. ૨૨ જૂન સુધી અન્ય કાર્યક્રમો થશે. જેમાં દરેક લોકસભા સીટ પર પત્રકાર પરિષદ યોજવી, બૌદ્ધિકોની પરિષદ યોજવી, સોશિયલ મીડિયા પ્રભાવકોની બેઠક, ઉદ્યોગપતિઓની પરિષદ, વિકાસ તીર્થ કાર્યક્રમોનું આયોજન સામેલ છે.

આ ઉપરાંત વિધાનસભા સ્તરે પણ કાર્યક્રમો યોજવાની યોજના છે.જેમાં વરિષ્ઠ કાર્યકરો સાથે બેઠક, સાતેય મોરચાના સંયુક્ત સંમેલન અને યોગ દિવસ પર કાર્યક્રમોનું આયોજન કરવાનો સમાવેશ થાય છે. ૨૩ જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૧૦ લાખ બૂથ પર પાર્ટીના કાર્યકરો સાથે વાતચીત કરવાનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમ શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ પર આયોજિત થવાનો છે. આ ઉપરાંત ૨૦ થી ૩૦ જૂન એટલે કે ૧૦ દિવસ માટે ડોર ટુ ડોર સંપર્ક અભિયાન પણ ચલાવવામાં આવનાર છે. તેના આયોજન માટે રાજય કાર્યકારી સમિતિની બેઠક મળશે. આ બેઠક ૧૬, ૧૭ અને ૧૮ મેના રોજ યોજાશે. જેમાં રાજય પ્રચાર સમિતિના તમામ સભ્યો, સાંસદો, ધારાસભ્યો, મેયર જેવા અનેક લોકો ભાગ લેશે.

## સપ્તપદી (હવે અષ્ટપદી!!)માં આઠમું વચન ઉમેરો!!

*એક મહિલા પ્રસુતિ માટે ઈનડોર પેશન્ટ તરીકે હોસ્પિટલમાં દાખલ થયેલ.એ મહિલાને હોસ્પિટલમાં કોઈ ચુકવણી કરવાની હશે. એ મહિલાએ તેનું ડેબીટ કાર્ડ તેના પતિને આપ્યું. પતિને ડેબિટ કાર્ડનો પાસવર્ડ આપ્યો. બોલો મહિલાએ કોઈ ભૂલ કરી કહેવાય? સામાન્ય રીતે મહિલા અનામતની બેઠક પર પંચાયત કે નગરપાલિકા, વિધાનસભા કે સંસદમાં ચૂંટાઈ અને સરપંચ કે નહાનગરપાલિકામા મેયર કે કોઈ સમિતિના ચેરમેન બંને કે જિલ્લા પંચાયતમાં પ્રમુખ કે સમિતિના ચેરમેન બંને તો તેના પિતા,ભાઈ કે પતિ જ વહીવટ કરતાં હોય છે! આ પ્રસ્થાપિત વહીવટી પરંપરા અને પ્રણાલિકામાં પ્રથમ દ્રષ્ટિએ કશું જ અજુગતું કે વાંધાજનક લાગતું નથી. કેમ કે, પરોક્ષ રીતે મહિલા સશકિતકરણને ઉતેજન મળે છે.*

*એ મહિલાનો પતિ ડેબિટ કાર્ડ લઈને એટીએમ સેન્ટર પહોંચ્યો. તેણે કાર્ડ ઈનશર્ટ કર્યું. પાસવર્ડ ટાઈપ કર્યો.પછી ઉપાડવાની રકમ ટાઈપ કરી. એટેએમમાંથી રીજેકશનની ચિઠી નીકળી. કોઈ રકમ મળી નહીં અને રૂપિયા ૪૦,૦૦૦ ના ઉપાડનો મેસેજ આવ્યો.*

*એ મહિલાએ રકમ મળી ન હોવાથી રકમ પરત કરવા અરજી કરી.બેંકે નફ્ફટાઈથી જવાબ આપ્યો કે રકમ ચુકવાઈ ગઈ છે, એટલે રકમ રિફંડ ચુકવવાની રહેતી નથી. એ બેને આરટીઆઈની અરજી કરીને સીસીટીવીના ફૂટેજ મેળવ્યા. જેમાં એટીએમમાંથી કોઈ રકમ બહાર ન નીકળ્યાનું તારણ આવ્યું. એ બેને બેંકના અક્કડ અને જડ વલણ સામે કોર્ટમાં કેસ ફાઈલ કર્યો. કોર્ટે તારણ તારવ્યું કે મહિલા હોસ્પિટલમાં દાખલ હોય તો ચેકથી નાણા મેળવવા જોઈએ . પાસવર્ડ એ ખાનગી હોઈ મહિલા તેના પતિ સાથે શેર કરી શકે નહીં. આવું લખીને મહિલાનો કેસ ખારીજ કર્યો!! બોલો આ નિર્ણય કેવો કહેવાય?જે સ્ત્રી પોતાનું પિયર સગાવ્હાલા છોડીને લગ્નના સાત ફેરા ફરી કે પરસ્પરને વફાદાર રહેવાના સાત વચન આપ્યા હોય. ધર્મ, અર્થ અને કામની બાબતે પતિને અનુસરવાનું હોય. માત્ર મોક્ષ મેળવવાની બાબતનાં પતિથી આગળ રહેવાનું હોય. જો મહિલા હોસ્પિટલમાં દાખલ હોય તો બેંક હેન્ડહોલ્ડ મશીનથી નાણા ઉપાડવા માટે એટીએમ તમારા દ્વારે ન કરી શકાય. ફાયનાન્શિયલ લીટરસી કાર્યક્રમના ભાગરૂપે જે ગામમાં બેંકની શાખા ન હોય ત્યાં બેકમિત્ર દ્વારા હેન્ડહોલ્ડ મશીનથી પૈસા ઉપાડ કરવાની વ્યવસ્થા કાયમી ધોરણે હોય છે. આવો કોઈ હુકમ કર્યો હોય તો ન્યાય તોલાયો તેમ કહી શકાય! અન્યથા સપ્તપદીના સાત વચન જેવા કે-*

*૧. આ વચનમાં કન્યા વર પાસેથી વચન માંગે છે કે તે કોઈ વ્રત કરે, ધાર્મિક કાર્ય કરે કે પછી તીર્થયાત્રા કરે તેમાં તેને સાથે રાખે. આવા કાર્યોમાં તે તેના વામાંગમાં આવવાનું સ્વીકાર કરે છે.*

*૨ .બીજા વચનમાં વધુ વરને કહે છે કે તે તેના માતાપિતાનું પણ પોતાના માતાપિતા જેટલું જ સન્માન કરે.*

*૩. આ વચનમાં કન્યા કહે છે કે જીવનની ત્રણ અવસ્થા એટલે કે યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં તેનો સાથ નિભાવશે.*

*૪. ચોથા વચનમાં કન્યા ભવિષ્યની તમામ જવાબદારીઓ અને જરૂરીયાતોને વર પર મુકે છે.*

*૫. આ વચનનો અર્થ છે કે વર ઘરના કામ અને લેતી-દેતી તેમજ અન્ય ખર્ચમાં પત્નીનો મત લેશે.*

*૬. આ વચનમાં કન્યા વરને કહે છે કે તે પોતાની પત્નીનું અપમાન અન્ય કોઈ સામે નહીં કરે. આ ઉપરાંત તે વ્યસન અને બદીઓથી પણ દૂર રહેશે.*

*૭. છેલ્લા વચનમાં કન્યા કહે છે કે તેનો પતિ પરસ્ત્રીને માતા સમાન સમજશે. પતિ-પત્નીના પ્રેમ વચ્ચે અન્ય કોઈ નહીં આવે. આ વચનોમાં એક નવું વચન ઉમેરી દઈએ.એટલે ન રહે બાંસ કે ન રહેગી બાંસુરી.*

*૮.હું મારા ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડના ક્રેડેન્સિયલ- પાસવર્ડ- પીન પતિ કે પત્નીને શેર કરીશ નહીં!!!*

*હવે સપ્તપદીનું નામાભિન અષ્ટપદી રહેશે.ઈતિ સિધ્ધમ્. ઈતિ વાર્તા!!*

**-ભરત વૈષ્ણવ**

# ખાલીપણાનો અહેસાસ-૨

શંકા અને તે પણ પોતાના પ્યારા પતિ પર ? સ્નેહ શિશિરને ખૂબ પ્યાર કરતી હતી. મન મર્કટ છે. ભૂલી ગઈ કે મિત્રતામાં લક્ષ્મણ રેખા હોવી જરૂરી છે. છતાં પણ સોના પર આંધળો વિશ્વાસ મૂક્યો.

સોના તેની સખી ખોટું કહે, તેવું તેના માનવામાં કદી ન આવે ! સોના પોતે છૂટાછેડા લીધા હતા, તેથી દરેક પુરૂષને ખોટા અર્થમાં જોતી થઈ ગઈ હતી. સ્નેહને તેના પર અટૂટ વિશ્વાસ હતો. ઘણી વખત શિશિર ઉપર વગર કારણે નારાજ થતી. આજે સ્નેહ અને શિશિર પાર્ટીમાંથી ઘરે આવ્યા,પાર્ટીની તેની વર્તણુક ને શંકાસ્પદ બનાવી વાકયુદ્ધ શરુ કરી દીધું. શિશિરે પહેલાં તો હસી કાઢતો પણ વારંવાર થતું હોવાથી આજે ગુસ્સે થયો. જેને કારણે શિશિર મૌન તો રહ્યો પણ અંતરમાં ગ્લાનિ ફેલાઈ ગઈ. શિશિર વિચારતો બાળકો આવ્યા પછી, સ્નેહ કેમ આમ વિચિત્ર વર્તન કરે છે ? હસી મજાકનો તેનો સ્વભાવ સ્નેહથી ક્યાં અજાણ્યો હતો. બાળકોના માનસ પર કેવી વિપરિત અસર થાય. બાળકોમાં ગુલતાન સ્નેહ ઝાઝું વિચારતી નહી અને પાણીમાંથી પોરા કાઢી શિશિર સાથે સદા આખડી પડતી. શિશિર ધીરે ધીરે સ્નેહથી દૂર થવા લાગ્યો. ઘરનું કલુષિત વાતાવરણ તેને તંગ કરી દેતું. જેમ સ્નેહને સમજાવી, સફાઈ પેશ કરે તેમ સ્નેહ એનો ઉંધો અર્થ કાઢી ઘરમાં યુદ્ધનું મેદાન ખડું કરી દેતી. એક વખત શિશિરે ચીમકી આપી 'સ્નેહ, જો હું બદલાયેલો હોંઉ, તારા મતે બદચલન હોંઉ તો મને ખુશીથી છૂટો કરી દે.પણ આવા રોજના ઝૂઘડા મને પસંદ નથી.' 'સ્નેહે વળતો ઘા જોરદાર કર્યો, 'તું મારાથી ઉબાઈ ગયો છે. બે બાલકો થયા પછી તને મારામાં કોઈ રસ રહ્યો નથી.' શિશિર સ્ત્બ્ધ થઈ ગયો. એનું મગજ ચકરાવે ચડ્યું તેના મુખમાં ચાહતો ન હતો છતાં બોલાઈ ગયું . 'સ્નેહ, આ શબ્દો તારા મુખમાંથી નિકળે છે. મને મારા કાન ઉપર વિશ્વાસ નથી આવતો.' 'સારુ છે તને મારામાં તો વિશ્વાસ છે?' 'કોણે કહ્યું ?' ખલાસ આ બે શબ્દો તીરની જેમ સ્નેહને વાગ્યા. આજે આગનો ભડકો જોરદાર હતો. કો'કને ભરખી જશે એ ચોક્કસ હતું. ક્રોધ ઉપર કાબૂ પામવો એ અશક્ય વાત છે. તેનું પરિણામ વિનાશકારી હોય એમાં શંકા નથી. આજે સ્નેહ અને શિશિર બંને જણા પોતાની જાતને સંભાળી ન શક્યા.એક જણ શાંત રહ્યું હોત તો આવું પરિણામ ન આવત. ક્રોધને કાબૂમાં રાખતા ન આવડે તો તેનું પરિણામ ભોગવ્યા વગર છૂટકો થતોનથી. સ્નેહ, સોનાની ચડામણીમાં સાચા ખોટાનો ભેદ પારખી ન શકી. શિશિર, સ્નેહના વારંવાર થતા આક્ષેપ સાંખી શકતો નહી. અંત આવ્યો જે સુખદ ન હતો. સ્નેહ અને શિશિર છૂટાં પડ્યાં. બાળકો આમ તો માને મળવા જોઈએ પણ સ્નેહનું વર્તન યોગ્ય ન હતું તે બાળકોને પણ લાગ્યું. દીર્ઘ અને દૃષ્ટિએ પિતા સાથે રહેવાનું સ્વિકાર્યું. બંને જણા મોટા હતાં. ૧૦ વર્ષનો દીર્ઘ અને ૧૨ વર્ષની દૃષ્ટિ. કોર્ટના ચક્કર કાપવા પડ્યા. અભિમાનમાં ચકચૂરે શિશિરથી છૂટાછેડા મેળવ્યા. જેને કારણે સ્નેહને રહેવા ઘર અને પૈસા મળ્યા. તે શાંતિથી જીવી શકે, નોકરી પણ મળી ગઈ હતી . તેને થયું બાળકો પણ નહી, કોઈ જાતની જવાબદારી કે બંધન નહી. શરુઆતમાં આઝાદી ખૂબ ગમી. શિશિર બાળકોને ખૂબ વહાલ કરતો. રોમાને જાણ થઈ તે અવારનવાર શિશિરના બાળકોનું ધ્યાન રાખતી અને શિશિરને મદદ કરતી. શિશિર કામ માટે બહારગામ જાય ત્યારે બંને બાળકો રોમાના ભરોસે છોડતો. સ્નેહ કોર્ટે ઠરાવેલ સમય અનુસાર બાળકોને મળતી. શરૂ શરૂમાં સ્નેહને સ્વતંત્રતા ખૂબ વહાલી લાગી. છેલ્લે છેલ્લી શિશિર સાથે પ્રેમ કરતાં ઝઘડા વિશેષ થતા હતાં એટલે તે બહુ યાદ ન આવતો પણ બાળકોની યાદ સતાવતી. સોના સાથે તો હવે ૨૪માંથી ૨૦ કલાક ગાળવા મળતા. એકબીજાને ત્યાં રાત ગાળતાં. કોને ખબર સ્નેહ કેમ આવી થઈ ગઈ ? શિશિરને રોમા ધીરે ધીરે નજીક સર્યા. રોમા પોતાના કુટુંબની પરિસ્થિતીને કારણે પરણી ન હતી. પિતાની આવક થોડી અને બિમાર માતા, કઈ રીતે તેમને છોડી પોતાનો સંસાર માંડે. તેથી ૪૦ વર્ષે પણ તે એકલી હતી. ત્યાં શિશિર જેની સાથે કૉલેજકાળ દરમ્યાન મૈત્રી હતી તેણે રોમાના જીવનમાં પ્રવેશ કર્યો. સંજોગોની અનુકૂળતા જોઈ બંને જણા શિશિરના છૂટાછેડા પછી એક વર્ષમાં પરણી ગયા. દીઘ અને દૃષ્ટીને રોમા આંટી ખૂબ પ્યાર આપતી. નિખાલસ ભાવે તેની સાથે બધી વાતો પણ કરી શકતા. બંને જણા કૉલેજમાં આવ્યા, દીર્ઘ ડૉક્ટર થયો અને દૃષ્ટિએ એમ.બી.એ. કર્યું. શિશિર અને રોમા ખૂબ શાંતિ પૂર્વક જીવન જીવી રહ્યા. શિશિર આજે પણ એવો મસ્તરામ છે. રોમાને તેનો હસ્મુખો સ્વભાવ ખૂબ ગમતો. તેની મસ્તી અને મજાક પૂર બહારમાં ચાલતા. રોમા ક્યારે પણ શંકા કરતી નહી. આજે અચાનક 'કૉપર ચિમની'માં બધા ડિનર લઈ રહ્યા હતાં ત્યાં સ્નેહ અને સોના બે પુરૂષો સાથે આવ્યા. તેમની સાથે નોકરી કરતા હતાં. સ્નેહ, શિશિરને બાળકો તથા રોમા સાથે જોઈ ખચકાઈ. આંખ આડા કાન કર્યા. બાળકો ઉભા થઈને મમ્મીને પ્યારથી મળી પાછા આવ્યા. શિશિર હવે રોમાના પ્યારમાં ગળાડૂબ રહેતો હતો. સ્નેહને આજે ખાલીપણાનો ભરપૂર અહેસાસ થયો. તેના અંતરના ગોખલે દીર્ઘ અને દૃષ્ટિ જેવા બે દીવા પ્રગ્ટ્યા હતાં. સહેલીની વાતોમાં આવી પોતે જ પોતાનું ખાલીપણું આવકાર્યું હતું! રહી રહીને તેને આજે વિચાર આવ્યો શું આ સ્થિતિ તેણે જાતે નોતરી હતી ?????????

Pravina

## એમ્બ્યુલન્સ દર્દી માટે છે મૃતદેહનું વહન કરવા નહિ

# લાચાર પિતાને પૈસાના અભાવે પુત્રની લાશ બેગમાં રાખીને મુસાફરી કરવી પડી

(એ.આર.એલ),કોલકતા,તા.૧૫

દેશ ભલે વિકાસપથ પર આગળ વધતો હોય છતાં સામાન્ય માણસ હજુ પણ પોતાની જરૂરિયાતો માટે વલખાં મારે છે. પશ્ચિમ બંગાળમાંથી એક આંચકાજનક ઘટના સામે આવી છે. એક લાચાર મજૂર પિતાને પૈસાના અભાવે પુત્રની લાશ બેગમાં રાખીને મુસાફરી કરવી પડી. મજૂર પિતા બીમાર પુત્રને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા.

જયાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. પુત્રનું મૃત્યુ થયા બાદ તેની લાશ ઘરે લાવવા એમ્બ્યુલન્સને જાણ કરી. પરંતુ એમ્બ્યુલન્સે ગરીબ પિતા પાસેથી વધારે રૂપિયા માંગતા તેમજ એમ્બ્યુલન્સ સુવિધા ના આપવા કારણ આપ્યું કે એમ્બ્યુલન્સ સુવિધા દર્દી માટે છે મૃતદેહનું વહન કરવા નહિ. આથી ગરીબ પિતા બાળકના મૃતદેહને નિવાસસ્થાન પર લાવવા પુત્રની લાશ બેગમાં રાખી ૨૦૦ કિલોમીટરની મુસાફરી કરવા મજબૂર બન્યા.

માનવાતનેશર્મશાર કરતી આ ઘટના પશ્ચિમ બંગાળના સિલીગુડીની છે. રોજીરોટી માટે મજૂરી કરનારના બાળકને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જયાં મજૂરના ૫ મહિનાના પુત્રની સારવાર કરવામાં આવી. સારવાર દરમ્યાન મજૂરના પુત્રનું મૃત્યુ થયું. લાચાર મજૂર પિતાએ એમ્બ્યુલન્સને જાણ કરી. એમ્બ્યુલન્સ ડ્રાઈવરે બાળકના મૃતદેહને સિલીગુડીથી તેમના નિવાસસ્થાન કાલિયાગંજ લઈ જવા ૮૦૦૦ રૂપિયાની માંગણી કરી.ગરીબ પિતા માંડ-માંડ પોતાના પરિવારનું ગુજરાન કરી રહ્યા હોવાથી તેમની પાસે આટલા બધા રૂપિયા નહોતા. ગરિબ લાચાર પિતા રડતો રહ્યો પણ કોઈએ તેની આજીજી ના સાંભળી. છેવટે મજૂરે પોતાના પુત્રના મૃતદેહને સામાનની બેગમાં મૂક્યો. અને બસમાં ૨૦૦ કિલોમીટરની મુસાફરી કરી પૂત્રની લાશને પોતાના ઘરે લાવ્યો.

સિલીગુડીમાંથીઆ હૃદયદ્રાવક કિસ્સો સામે આવતા વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ આ મામલે તૃણમેલ કોંગ્રેસ પર નિશાન સાધતા લાચાર પિતાનો વીડિયો શેર કરી મમતા બેનરજી સરકારની યોજનાઓ પર સવાલ ઉઠાવ્યા છે. તો તૃણમૂલ કોંગ્રેસે પણ ગરીબ પિતાના પુત્રના મૃત્યુ પર રાજકારણ રમવાનો ભાજપ પર આરોપ લગાવ્યો છે. સિલીગુડીમાં સારવાર દરમ્યાન અવસાન પામેલ બાળકના મૂજર પિતા જેમનું નામ આશિમ દેબશર્મા છે. તે આ ઘટના અંગે જણાવે છે કે તેમનો ૫ મહિનાનો બાળક ૬ દિવસ પહેલા બીમાર પડતા તેને સિલિગુડીની ઉત્તર બંગાળ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા. હોસ્પિટલમાં બાળકની ૬ દિવસની સારવારમાં ૧૬,૦૦૦ રૂપિયાનો ખર્ચ

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૩૮૦નો ઘટાડો: મેન્થા તેલમાં સુધારાનો સંચાર

## સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં જોવાયેલી વધઘટ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭,૭૪૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૦૬૩૯.૪૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૮ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૮,૨૮૭ સોદાઓમાં કુલ રૂ.૨૮,૪૦૭.૯૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭,૭૪૦.૯૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૦૬૩૯.૪૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૨,૭૬૨ સોદાઓમાં રૂ.૪,૨૦૧.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૯૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૧૩૮ અને નીચામાં રૂ.૬૦,૮૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૭ વધી રૂ.૬૦,૯૦૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૫ વધી રૂ.૪૮,૮૯૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૬,૧૧૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫ વધી રૂ.૬૦,૮૮૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૧૮૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૩,૬૫૦ અને નીચામાં રૂ.૭૨,૮૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩ વધી રૂ.૭૩,૦૫૭ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૦ ઘટી રૂ.૭૩,૦૫૭ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩૫ ઘટી રૂ.૭૩,૦૩૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૫૮૧ સોદાઓમાં રૂ.૧,૨૫૭.૫૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૨૬.૬૫ના ભાવે ખૂલી, રૂ.૦.૩૦ વધી રૂ.૭૨૯.૩૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ વધી રૂ.૨૦૭.૫૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૫ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૨૩૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૧૫ વધી રૂ.૨૦૭.૭૦ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૪.૫૫ જસત-મિની મે વાયદો રૂ.૦.૩૫ વધી રૂ.૨૩૦.૩૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૮,૨૮૪ સોદાઓમાં રૂ.૨,૨૭૨.૨૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૩૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૦૬ અને નીચામાં રૂ.૫,૭૧૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫ વધી રૂ.૫,૭૯૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૬ વધી રૂ.૫,૮૦૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૮ના ભાવે ખૂલી, રૂ..૫૦ વધી રૂ.૧૮૯.૮૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૦.૭ વધી ૧૮૯.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૯.૯૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૬૦૦ અને નીચામાં રૂ.૬૧,૨૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ ઘટી રૂ.૬૧,૩૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૬૦ વધી રૂ.૯૫૫.૩૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૬૭.૦૬ કરોડનાં ૩,૩૮૫.૬૭૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૩૪.૧૩ કરોડનાં ૨૯૦.૮૭૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૫૯.૦૭ કરોડનાં ૨૦,૦૯,૧૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૧૧૩.૧૮ કરોડનાં ૫,૮૧,૫૬,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૨.૭૭ કરોડનાં ૭,૩૮૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૦.૫૪ કરોડનાં ૧,૧૧૪ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૭૫૪.૯૬ કરોડનાં ૧૦,૩૫૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૨૯.૨૮ કરોડનાં ૧૪,૩૦૮ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૭.૦૬ કરોડનાં ૧,૧૫૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૯૦ કરોડનાં ૩૦.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૭૭૯.૫૦૦ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૬.૩૩૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૨૩૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૭૪૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૭૩ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૯,૮૯૦ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૯,૯૦,૩૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૧૩,૩૯,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૬,૪૧૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૮૪.૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૭.૫૭ કરોડનાં ૩૩૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૯૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૪૨૬ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૪૮૫ અને નીચામાં ૧૬,૪૧૦ બોલાઈ, ૭૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮ પોઈન્ટ વધી ૧૬,૪૨૨ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨૦૬૩૯.૪૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૫૪.૩૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૦૬.૯૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૫૬૮.૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૧૦૮.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૦.૩૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૦૦ અને નીચામાં રૂ.૬૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૦.૮૦ ઘટી રૂ.૯૫.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૮૫ અને નીચામાં રૂ.૬.૩૦ રહી, અંતે રૂ.૦.૨૫ વધી રૂ.૭.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦૦ અને નીચામાં રૂ.૩૬૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩ વધી રૂ.૪૧૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૭ અને નીચામાં રૂ.૩૧૧ રહી, અંતે રૂ.૩૪.૫૦ વધી રૂ.૪૧૯ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૮૬ના ભાવે ખૂલી, રૂ.૩૭.૫૦ વધી રૂ.૧,૪૬૪ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૧૪૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૬ વધી રૂ.૨,૨૦૧.૫૦ થયો હતો. તાંબુ મે રૂ.૭૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૦૫ વધી રૂ.૫.૮૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ મે રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૭૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૪.૨૦ અને નીચામાં રૂ.૫૩.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૪૦ ઘટી રૂ.૫૭.૫૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૯૦ અને નીચામાં રૂ.૬.૮૫ રહી, અંતે રૂ.૦.૩૫ ઘટી રૂ.૮.૦૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૮ અને નીચામાં રૂ.૧૧૩.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ વધી રૂ.૧૫૭ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૮૦ અને નીચામાં રૂ.૧૨૯ રહી, અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૧૭૧ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૮૫ના ભાવે ખૂલી, રૂ.૨૪ વધી રૂ.૯૨૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૪૯.૫૦ના ભાવે ખૂલી, રૂ.૬૯.૫૦ વધી રૂ.૨,૧૨૧.૫૦ થયો હતો.

**ડીકે શિવકુમારે કોંગ્રેસ હાઈકમાન્ડની ફોર્મ્યુલા ફગાવી, ફસાઈ ગયા!**

# કોંગ્રેસ પાર્ટી એક છે, ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે કોઈ વિવાદ નથી.:ત્રણ નિરીક્ષકો પૈકીના એક જીતેન્દ્રસિંહ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

કર્ણાટકના આગામી મુખ્યમંત્રી કોણ હશે? આ પ્રશ્નને લઈને કોંગ્રેસ પક્ષમાં મંથન ચાલી રહ્યું છે. દરમિયાન, સૂત્રોના જણાવ્યા અનુસાર, કર્ણાટક કોંગ્રેસના અધ્યક્ષ ડીકે શિવકુમારે કોંગ્રેસ હાઈકમાન્ડના પ્રસ્તાવને ઠુકરાવીને પાર્ટીને મોટો ઝટકો આપ્યો છે. હકીકતમાં, પાર્ટી હાઈકમાન્ડે પ્રસ્તાવ મૂક્યો હતો કે સિદ્ધારમૈયા પ્રથમ બે વર્ષ માટે મુખ્ય પ્રધાન રહેશે અને ડીકે શિવકુમારને બાકીના ત્રણ વર્ષ માટે મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે. કેન્દ્રથી કર્ણાટક પહોંચેલા નિરીક્ષકોએ આ પ્રસ્તાવ શિવકુમારને આપ્યો હતો, પરંતુ શિવકુમારે આ પ્રસ્તાવને ફગાવી દીધો છે. શિવકુમારને મળેલા આંચકા બાદ પાર્ટી હવે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી અને પાર્ટી અધ્યક્ષની ફોર્મ્યુલા પર વિચાર કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી બનાવી શકે છે અને ડીકે શિવકુમારને નાયબ મુખ્યમંત્રી પદ આપી શકે છે. આ સાથે શિવકુમારને પાર્ટી અધ્યક્ષ પદ પર પણ જાળવી રાખવામાં આવી શકે છે. જોકે, સિદ્ધારમૈયા ટૂંક સમયમાં દિલ્હીમાં હાઈકમાન્ડને મળવાના છે. તેઓ સ્પેશિયલ પ્લેનમાં કર્ણાટકથી દિલ્હી પહોંચ્યા છે એવું કહેવામાં આવી રહ્યું છે કે ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામ પર સહમતિ બની ગઈ છે. મુખ્યમંત્રીને લઈને હજુ પણ મૂંઝવણ છે.દરમિયાન સુન્ની ઉલેમા બોર્ડની માગણીએ કોંગ્રેસ પક્ષ માટે નવી મુશ્કેલી ઊભી કરી છે. સુન્ની ઉલેમા બોર્ડે પાર્ટીને કર્ણાટકના ઉપમુખ્યમંત્રી પદ માટે કહ્યું છે. આ સાથે સુન્ની ઉલેમા બોર્ડે કેબિનેટમાં ૫ મુસ્લિમ ધારાસભ્યોને સારો પોર્ટફોલિયો આપવાની માંગ પણ કરી છે.વાસ્તવમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ૧૫ બેઠકો પર મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી. જેમાંથી ૯ ઉમેદવારો જીત્યા છે. વક્ફ બોર્ડના અધ્યક્ષ શફી સાદીએ કહ્યું કે તેઓ પહેલાથી જ મુસ્લિમ સમુદાયના વ્યક્તિને રાજ્યના નાયબ મુખ્યમંત્રી બનાવવાની માંગ કરી ચૂક્યા છે. સાદીએ કહ્યું, 'અમે ચૂંટણીમાં મુસ્લિમ ઉમેદવારો માટે ૩૦ બેઠકોની માગણી કરી હતી, પરંતુ માત્ર ૧૫ જ મળી અને આ ૧૫માંથી ૯ મુસ્લિમ ઉમેદવારો જીત્યા છે

દરમિયાન કર્ણાટકના ધારાસભ્યો સાથે વાત કરીને દિલ્હી પરત ફરેલા કોંગ્રેસના ત્રણ નિરીક્ષકો પૈકીના એક જીતેન્દ્ર સિંહે વાતચીતમાં જણાવ્યું હતું કે અમે ધારાસભ્યો સાથે વાત કર્યા બાદ આવ્યા છીએ અને અમારો રિપોર્ટ હાઈકમાન્ડને સોંપીશું. અમે તમામ ધારાસભ્યો સાથે ૪ થી ૫ કલાક સુધી વાત કર્યા બાદ રિપોર્ટ તૈયાર કર્યો છે. ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા એકસાથે મળ્યા છે. દરેક સાથે વાત કરીને હું કહી શકું છું કે કોંગ્રેસ પાર્ટી એક છે, ડીકે શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે કોઈ વિવાદ નથી.જિતેન્દ્ર સિંહે કહ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ સાથે વાત કર્યા બાદ જ કહી શકાય કે મુખ્યમંત્રી પદ કોણ સંભાળશે. જો કે, આ કોઈ મોટો મુદ્દો નથી. કોંગ્રેસ શિસ્તબદ્ધ પાર્ટી છે, તેથી મામલો ઉકેલાશે. રાજસ્થાનનું ઉદાહરણ તમારી સામે છે, ત્યાં હજુ સુધી કંઈ થયું નથી.

રણદીપ સુરજેવાલાએ કહ્યું, ×સૌપ્રથમ, હું ફરી એકવાર કર્ણાટકની ૬.૫ કરોડ જનતાનો આભાર માનું છું. અમારી પાસે ૧૩૮ ધારાસભ્યોનું સમર્થન છે. ગઈકાલે, વિધાયક દળના નેતાઓએ વિધાયક દળના નેતાને ચૂંટવાનો અધિકાર સોંપી દીધો છે. કોંગ્રેસ પ્રમુખ.× નિરીક્ષકો આજે રાત સુધીમાં કોંગ્રેસ અધ્યક્ષને તેમનો અહેવાલ સુપરત કરશે, આવતીકાલે સંગઠનના મહાસચિવ અને હું કોંગ્રેસ અધ્યક્ષ સાથે આ મામલાને આગળ ધપાવીશું. ખૂબ જ ટૂંક સમયમાં અમે કોંગ્રેસની સરકાર બનાવીશું જે તેના પાંચ વચનો પૂર્ણ કરશે. અને કર્ણાટકને ભ્રષ્ટાચાર મુક્ત બનાવશે. તે મળશે.×

સૂત્રોનું કહેવું છે કે પાર્ટીના વરિષ્ઠ નેતાઓ અને ગાંધી પરિવાર સાથે ચર્ચા કર્યા બાદ ખડગે ટૂંક સમયમાં કર્ણાટકના આગામી મુખ્યમંત્રી અંગે નિર્ણય લેશે. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કર્ણાટકમાં કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવા માટે વરિષ્ઠ નેતાઓ સુશીલ કુમાર શિંદે, જીતેન્દ્ર સિંહ અને દીપક બાબરિયાને નિરીક્ષકો તરીકે નિયુક્ત કર્યા છે. ત્રણેય સુપરવાઈઝરોએ પાર્ટીના નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે અલગ-અલગ વાત કરીને તેમનો અભિપ્રાય જાણી લીધો. ત્રણ સુપરવાઈઝર અને પાર્ટીના મહાસચિવ અને કર્ણાટક મામલાના કોંગ્રેસ પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા દિલ્હી પહોંચી ગયા છે અને પોતાનો રિપોર્ટ પ્રમુખ ખડગેનો સોંપ્યો છે.સુત્રોના જણાવ્યા અનુસાર ખડગે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી,પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીની મુલાકાત કરશે અને ત્યારબાદ કર્ણાટકના નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશેએ યાદ રહે કે રાજયમાં ૨૨૪ સભ્યોની વિધાનસભા માટે ૧૦ મેના રોજ યોજાયેલી ચૂંટણીમાં, કોંગ્રેસે ૧૩૫ બેઠકો જીતી હતી, જ્યારે ભૂતપૂર્વ વડા પ્રધાન એચડી દેવગૌડાના નેતૃત્વવાળી જનતા દળ (સેક્યુલર) એ ૬૬ બેઠકો જીતી હતી

# કેનેડામાં ગુજરાતી સ્ટૂડન્ટ્સ કેટલા સલામત? ટોરેન્ટોમાં મહિનામાં બે સ્ટૂડન્ટ્સના ભેદી સંજોગોમાં મોત

અમદાવાદ: છેલ્લા દોઢેક મહિનામાં કેનેડામાં બે ગુજરાતી સ્ટૂડન્ટ્સના શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં પોતાના સંતાનોને કેનેડા ભણવા મોકલનારા માતા-પિતા ચિંતામાં મૂકાયા છે. ગયા મહિને હર્ષ પટેલ નામના એક સ્ટૂડન્ટનું મોત થયા બાદ હવે આયુષ પટેલ નામના એક મૂળ ભાવનગર સ્ટૂડન્ટનું મોત થયાની ઘટના સામે આવી છે. હર્ષની માફક જ આયુષનું એક લેકમાં ડૂબી જવાથી મોત થયું છે, અને તે પણ યોર્ક યુનિવર્સિટીનો જ સ્ટૂડન્ટ હતો. માત્ર ૨૩ વર્ષની ભરજુવાનીમાં મોતને ભેટેલા આયુષની બોડીને તેના વતન લાવવામાં આવી હતી, અને રવિવારે મધર્સ ડેના દિવસે તેના માતાએ જ તેના અંતિમ સંસ્કાર કર્યા હતા. આયુષ ૫ મેથી ગૂમ હતો, અને તેના ગુમ થયાની ફરિયાદ નોંધાયાના બે દિવસ બાદ ટોરેન્ટોમાં એક બ્રિજ નીચેથી તેની બોડી મળી આવી હતી. આયુષના પિતા ગુજરાત પોલીસમાં ઢ્અજીઁ છે, મૃતકના કાકા નારણભાઈ પટેલે અમારા સાથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે તે ગાંધીનગરમાં ધોરણ ૧૨ સુધી ભણ્યા બાદ યોર્ક યુનિવર્સિટીમાં કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કરવા માટે ગયો હતો.આયુષ ટોરેન્ટોના લોરેન્સ એવન્યૂ એરિયામાં પોતાના મિત્રો સાથે શેરિંગ અપાર્ટમેન્ટમાં રહેતો હતો. ૦૬ મેના રોજ તેના એક મિત્રનો આયુષના પિતા પર ફોન આવ્યો હતો, તેણે જણાવ્યું હતું કે આયુષ ૦૫ મેથી ઘરે નથી આવ્યો, અને તેનો સંપર્ક પણ નથી થઈ રહ્યો. આયુષના મિત્રોએ તેની શોધખોળ ચાલુ કરી હતી, અને આ મામલે ટોરેન્ટો પોલીસને પણ જાણ કરી હતી. પોલીસે આયુષને શોધવાની કાર્યવાહી હાથ ધર્યાના ગણતરીના સમયમાં જ ૦૭ મેના રોજ તેની બોડી એક બ્રિજ નીચેથી મળી આવી હતી. તેના ફોટોગ્રાફ પરથી બોડીની ઓળખ કરવામાં આવી હતી, ત્યારબાદ આયુષના પિતા તાત્કાલિક કેનેડા જવા માટે રવાના થયા હતા. ત્યાં જઈ તેમણે આયુષની બોડીને વતન પરત લઈ જવા માટે પ્રક્રિયા હાથ ધરી હતી, અને ૧૩મી મેના રોજ મોડી સાંજે આયુષનો મૃતદેહ અમદાવાદ એરપોર્ટ પહોંચ્યો હતો.આયુષના કાકાના જણાવ્યા અનુસાર, જે જગ્યાએથી આયુષની બોડી મળી તે જગ્યાએ લોકોની ખાસ અવરજવર નથી હોતી. આયુષનો ફોન પણ ગુમ થઈ ગયો હતો, પરંતુ તેની બોડી મળ્યાના અમુક દિવસો સુધી તે ફોન ચાલુ રહ્યો હતો, તેના પર રિંગ પણ જતી હતી પરંતુ કોઈ ફોનનો જવાબ નહોતું આપી રહ્યું. એટલું જ નહીં, ફોન પર મોકલવામાં આવેલા મેસેજ પણ કોઈ વાંચતું હતું. આયુષનું મોત કયા સંજોગોમાં થયું તે અંગે હાલ તો કહેવું મુશ્કેલ છે, જે કંઈ હશે તે પોલીસની તપાસમાં બહાર આવશે. આયુષનું વતન ભાવનગર જિલ્લાના સિદસરમાં આવેલું છે, અને ત્યાં જ રવિવારે તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આયુષના પિતા લાંબો સમય સીએમની સિક્યોરિટીમાં પણ તૈનાત રહ્યા હતા અને તેમણે એક સેવાભાવી વ્યક્તિ તરીકે ખાસ્સી નામના મેળવી હતી. આયુષ પણ તેના પિતાની જેમ લોકોને મદદ કરવા માટે હંમેશા આગળ રહેતો હતો, તેમ તેના કાકાએ જણાવ્યું હતું.સૂત્રોનું માનીએ તો હર્ષ અને આયુષના મોતના કેસમાં ખાસ્સી સમાનતા છે. બંને યોર્ક યુનિવર્સિટીના સ્ટૂડન્ટ હતા અને તેમનું ભણવાનું પણ પૂરું થવાની તૈયારીમાં જ હતું. આયુષ એન્જિનિયરિંગનો સ્ટૂડન્ટ હતો જ્યારે હર્ષ કેનેડામાં સ્ફ્છ કરી રહ્યો હતો. બંનેના બોડી પણ લેકમાંથી જ મળ્યા હતા, એટલું જ નહીં તેમના બોડી મળ્યા તેના એક દિવસ પહેલા જ તેઓ ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આયુષ અને હર્ષના બોડી મળ્યા ત્યારે તેમના ફોન પણ ગુમ હતા, અને બંને કેસમાં ફોન અમુક દિવસ સુધી ચાલુ પણ રહ્યા હતા. જોકે, તેમના મોત કયા સંજોગોમાં થયા તેને લગતી કોઈ માહિતી કેનેડિયન પોલીસ દ્વારા હજુ સુધી જાહેર કરવામાં નથી આવી. આયુષ અને હર્ષ બંને વેલ સેટલ્ડ ફેમિલીના સંતાન હતા, તેમના મોત બાદ મોટો ખર્ચ કરી તેમના પાર્થિવ દેહને તેમના પરિવારજનો અંતિમવિધિ માટે વતન લાવ્યા હતા. જોકે, તેમના મોતનું સાચું કારણ જાણવા ના મળતા કેનેડા પોલીસની કામગીરી પર પણ સવાલ ઉભા થઈ રહ્યા છે.

## અમદાવાદની કાળઝાળ ગરમી
# ૧૩ દિવસમાં ૫૯૦થી વધુ લોકો બેભાન થયા, હજુ ૨ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરાયું

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૫

ગુજરાતના મોટા ભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં અસહ્ય ગરમી અનુભવાઇ રહી છે, જ્યાં શહેરીજનો બપોરના સમયે કામ સિવાયની અવરજવર ટાળી રહ્યા છે. અમદાવાદમાં અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રસ્ત થઇ ગયા છે, ગરમીથી રાહત મેળવવા લોકો છાશ, ઠંડા પીણાનો સહારો લઈ રહ્યા છે. આવા ધગધગતા તાપમાં લોકો બહાર જવાનું ટાળી રહ્યા છે. બપોરના સમયે શહેરના મુખ્ય માર્ગો પર લોકોની અવર જવર ઘટી છે. અમદાવાદમાં ૨ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આકાશમાંથી સુરજદાદા કોપાયમાન થયા હોય અને અગનજ્વાળાઓ વરસાવતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. કાળઝાળ ગરમી શરૂ થતાં ૧૦૮ ઈમરજન્સીના કોલ સેન્ટર ઈમરજન્સી કેસોને કારણે રણકી ઉઠ્યા છે. ગરમી વધતા રાજ્યની ૧૦૮ ઈમરજન્સી સેવામાં ઈમરજન્સી કેસોમાં વધારો નોંધાયો છે. અમદાવાદમાં કાળઝાળ ગરમીમાં ડિહાઈડ્રેશન કે હીટ સ્ટ્રોકના કેસમાં વધારો નોંધાયો છે. કાળઝાળ ગરમીના કારણે અમદાવાદમાં હાઈ ફિવરના કેસોમાં પણ વધારો નોંધાયો છે. છેલ્લા ૧૩ દિવસમાં ૫૯૦થી વધુ લોકો બેભાન થયાની ઘટનાઓ સામે આવી છે. શહેરમાં હીટ સ્ટ્રોકના ૬, હાઈ ફીવરના ૩૦૦ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ગરમીના કારણે ઉલટી અને ડાયેરિયાના પણ ૪૪૯ કેસ નોંધાયા છે. માત્ર

# રેસકોર્સ મેદાનમા ગૌ ટેક-૨૦૨૩ એક્સપો અંતર્ગત રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબની સૂચના અનુસાર અને રાજકોટ જિલ્લા ભાજપ મનસુખભાઈ ખાચરિયા ના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી મનસુખભાઈ રામાણીની અધ્યક્ષતામાં તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી અને રાષ્ટ્રીય કામધેનું આયોગ બોર્ડ ના પૂર્વ ચેરમેન શ્રી ડો. વલ્લભભાઈ કથીરિયાની વિશેષ ઉપસ્થિતીમાં તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના વિજયભાઈ કોરાટ, પ્રાગજીભાઈ કાકડીયા, તળશીભાઈ તાલપરા, રાજકોટ તાલુકા પ્રમુખ બાબુભાઈ નસીત, અમિત પડારીયા, રાજકોટ જિલ્લાના તાલુકાના હોદેદારો તથા તમામ મોરચાના હોદ્દેદારોની એક બેઠક યોજાઇ હતી . આ બેઠકમાં મનોજભાઈ રાઠોડ, કમલેશભાઈ રોકડ, સતિષભાઈ શિંગાળા, સલીમભાઈ પતાણી , નવીનપરી ગોસ્વામી, રજનીભાઈ સખીયા, સંજયભાઈ મોલિયા, ગીરીશભાઈ પરમાર, રાજુભાઈ ધારૈયા, ડોક્ટર દિપક પીપળીયા, અરૂણભાઇ નિર્મળ, પ્રવીણભાઈ હેરમાં, લાલજીભાઈ આઢું, મહેશભાઈ વાણીયા, અસલમ મલેક, હેપી રૈયાણી, મનોજભાઈ કાછડીયા, વિમલભાઈ ખંડવી, વિજયભાઈ ગમારા, ગૌતમભાઈ બારસીયા, જતીનભાઈ સિદપરા, વિનુભાઈ ઠુંમર, જશવંતભાઈ સાંગાણી, ભગીરથસિંહ જાડેજા, મુકેશભાઈ તળપદા સહિતના તાલુકા મંડળ ના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી મનસુખભાઈ રામાણીએ બેઠકનું સંચાલન કરતા કહ્યું હતું કે, ગૌ ટેક ૨૦૨૩ એ આપણી ગૌ આધારીત સંસ્કૃતિ અને વર્તમાન ટેકનોલોજીનો સુભગ સમન્વય બની રહેશે. ગૌટેકના માધ્યમથી લોકોને ગૌધનનું મહત્વ સમજાતા ગૌ માતાને રખડતા ઢોર તરીકે મુકી દેવાના બદલે પોતાના ઘર આંગણે ગાય બાંધીને તેમની સાર-સંભાળ રાખતા થશે. વર્તમાન સમયમાં લોકો કેવી અને ક્યા નસ્લની ગાયની ખરીદી કરવી તેના અભ્યાસ માટે ગુજરાતથી બ્રાઝિલ જતા થયા છે. રેસકોર્સ ખાતે યોજાતો "GAU TECH - 2023" ના પ્રણેતા ડો. વલ્લભભાઈ કથીરિયાએ કહ્યું હતું કે, આવનારા સમયમાં ગૌ સંરક્ષણ અને સંવર્ધન માટે રાજકોટ મહત્વનું કેન્દ્ર બની રહેશે. "GAU TECH - 2023"ના માધ્યમથી વિવિધ સેમિનારો કરવામાં આવશે જેમાં કાંઉ બ્રીડીંગ, બાયો પેસ્ટિસાઈડસ, કાંઉ ટુરીઝમ, કાઉ એગ્રોનોમી, એથ્રો વેટરનીટી (ગાયના અવશેષોમાંથી અન્ય પ્રાણીઓ માટે દવા) અંગેના સેમિનારો યોજવામાં આવનાર છે. ગાય એટલે ગૌ-ધન છે તેને ધ્યાને રાખીને રાજકોટની બિલ્ડર લોબીને કામધેનું નગરનું આયોજન કરવા અંગે નવી દિશા પ્રદાન કરી હતી. "GAU TECH - 2023"ના આયોજન દરમિયાન દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે જેમાં ગૌ-ડાયરો,ગૌ-નાટક, ગૌ-નૃત્ય નાટીકાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બેઠકની સંપૂર્ણ વ્યવસ્થા કાર્યાલય મંત્રી અલ્પેશ અગરાવત, વિવેક સાતા, કિશોર રાજપૂતએ કરી હતી . ગૌ-ટેકના પ્રચાર પ્રસાર અરૂણભાઈ નિર્મળ સંભાળી રહયા છે.

# Rai University Consultancy Project on Smart Farming



Rai School of Engineering and Rai School of Agricultur provided project consultancy services on Smart Farming solution using Artificial Intelligence and Internet of Things.The project aimed to create a regional interface connected with IoT sensors for soil testing, suggesting suitable crop selection and crop management in a smart way. Rai University received a consultancy amount of Rs. 200000 (Two Lakhs) from Dr. Ramesh Chandra Panda, Chief Scientist, Wegrow for completion of the project. The miniature scalable prototype has been prepared by RSE Team, which can have huge benefits for the farming community.

# પાટણ માનવસેવા ગ્રુપ દ્વારા વિશ્વ માતૃ દિવસ નિમિત્તે સ્લમ વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારોને કપડાઓનું વિતરણ કરાયું

પાટણ ખાતે માનવસેવા એજ પ્રભુ સેવા ને સાર્થક કરતી સંસ્થા માનવસેવા ગ્રુપ ની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સરાહનીય બનવા પામી છે. ત્યારે રવિવારે વિશ્વ માતૃ દિવસના ઉપલક્ષ્યમાં માનવ સેવા ગૃપ ના સેવાભાવી કાર્યકરો દ્વારા શહેરના સ્લમ વિસ્તારોમાં જરૂરિયાત મંદ પરિવારના બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાટણમાં ગરીબ લોકો જ્યાં રહે છે તેવા વિસ્તારોમાં માનવસેવા ગ્રુપ દ્વારા નાના બાળકો, બહેનો તથા ભાઈઓને તેઓની જરૂરિયાત મુજબના કપડા વિતરણ કરાતા જરૂરિયાત મંદો ના ચહેરા ઉપર ખુશી જોવા મળી હતી. અને માનવ સેવા ગૃપની સેવાકીય પ્રવૃતિ જોડાયેલા સતિષ સ્વામી, ઈર્શાદ સિંધી, નૈતિક પ્રજાપતિ,નીરવ પંચાલ, ભોલુ પ્રજાપતિ, કૌશિક પ્રજાપતિ સહિતના સભ્યોએ ને અંતરથી આશિષ પાઠવ્યા હતા. વિશ્વ માતૃ દિવસની ઉજવણી ના ઉપલક્ષ્યમાં માનવ સેવા ગૃપ દ્વારા આયોજિત આ કપડાં વિતરણ કાર્યક્રમ દરમિયાન ગૃપ ના સભ્યોએ આ નિસ્વાર્થ સેવાના કાર્યમાં પાટણની જનતાને પણ સહિભાગી બનવા માનવસેવા ગ્રુપનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

# અરવલ્લીનો ઉદય ઈડરના જાણીતા લેખિકા કુમારી તરલીકા પ્રજાપતિના પુસ્તક 'તત્વમસિ'નું વિમોચન

ઈડર ના ચોટાસણ ગામના દિવ્યાંગ લેખિકા કુમારી તરલીકા 'તત્વમસિ'ના પુસ્તક નું વિમોચન આજરોજ કાયાવરોહણ તીર્થધામ ખાતે યોજવામાં આવ્યો આ સમારોહ શબ્દ વાવેતર એક પરિવાર ગૃપ નાં એડમીન ગૃપ થકી આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા બધા લેખક લેખિકાઓ ના પુસ્તકો નો વિમોચન કાર્યક્રમ કરવામાં આવ્યો આ સમારંભ ના મુખ્ય મહેમાન અને સાહિત્ય નાં ઉપાસક યોગેશભાઈ ગઢવી ગાંધીનગર ખાસ ઊપસ્થિત રહ્યા હતા અને તમામ લેખક લેખિકાઓ ના પુસ્તકો નું વિમોચન યોગેશભાઈ ગઢવી ના હસ્તે કરવામાં આવ્યું હતું આ સંમેલનમાં પિનાકીન પારેખ 'પીનુ ખ્યારે' કિરણ શર્મા 'પ્રકાશ' જીવતી પીપલીયા 'શ્રી' શોભા મિસ્ત્રી 'અક્ષય' નિશા નાયક 'પગલી' અને તત્વમસિ એમ તમામ ગૃપના આયોજન ઊપસ્થિત રહ્યા હતા આ પુસ્તક ઈડરના જાણીતા લેખિકા કુમારી તત્વમસિ એ જીવનમાં શું શું? તત્વ હોવું જોઈએ જેના ઉપર લખેલું છે અને જને પ્રસિદ્ધ કરવામાં ખુબ ભારે જહેમત ઉઠાવી છે એવા ડો હર્ષદભાઈ લશ્કરી યોગેશભાઈ વ્યાસ ડો સુરેશભાઈ પટેલ યોગેશ્વરીબેન શાહ જયપ્રકાશ વ્યાસ નેહા સોની કૌશલ મોદી અલ્પાબેન મોદી એ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા દિવસ રાત એક કરી માનવ સમુદાય ને વાંચન ક્ષેત્રે વધુ પુસ્તકો મળે અને સાહિત્ય વાંચન હરહંમેશ જીવન રહે એ માટે નાં પ્રયત્નો કર્યા છે..... તત્વમસિ ઈડર ના પુસ્તક વિમોચન પ્રસંગે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે હું દિવ્યાંગ હોવાં છતાં નથી હારી તો બીજા કોઈ વ્યક્તિ એ જીવનમાં હારવાની કે નિરાશ થવાની જરૂર નથી સમગ્ર પરિવાર ના સાથ સહકાર થી એમ.ફીલ.સુધીનો અભ્યાસ કર્યો પછી એક રચના ઓ કરતાં કરતાં એક જીવન ઉપયોગી પુસ્તક તત્વમસિ આપની સમક્ષ પ્રસિદ્ધ કર્યું છે જરૂર થી વાંચજો... જીવનમાં લક્ષ અને કાર્યક્ષેત્ર જ મહત્વનું અને લક્ષ ને પ્રાપ્ત કરવું એ જીવનની મોટી સિદ્ધિ છે.... આવનાર સમયમાં આવા ઘણા બધા પુસ્તકો પ્રસિધ્ધ શબ્દ એક વાવેતર ગૃપ થકી પ્રસિદ્ધ કરવા સમગ્ર ગૃપ સંચાલકો નો નિણૅય રહ્યો છે આ પુસ્તક નાં વિમોચન પ્રસંગે હિર પ્રજાપતિ ઈડરે શાલ ઓઢાડી લેખિકા તત્વમસિ નું સન્માન કર્યું હતું.

અહેવાલ રીપોર્ટ.... હિરેન પ્રજાપતિ.. અરવલ્લી.સા.કા

# ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપમાં જોડિયા ભાઈઓ વિજેતા બન્યા

૨૫મી ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે ચેમ્પિયનશિપ તાજેતરમાં વડોદરા સ્થિત સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ઉપરાંત અન્ય ૧૫ રાજયમાંથી વિવિધ કેટેગરી માટે ચુનંદા ૩૫૦ કરાટેવીરો ફાઈટમાં અને ૩૩૫ જેટલા ખેલાડીઓ કાતા ઈવેન્ટમાં જોડાયા હતા. આ ૨૫મી ચેમ્પિયનશીપમાં ગાંધીનગર, ગુજરાત શાખામાંથી કેન્દ્રીય વિદ્યાલય, સેક્ટર-૩૦માં અભ્યાસ કરતા બે જોડિયા ભાઈઓ બ્લ્યુ બેલ્ટ કેટેગરીમાં ચેમ્પિયન બન્યા હતા જેમાં ઓમ ધર્મેન્દ્ર પટેલે કાતામાં સિલ્વર મેડલ અને કરાટે ફાઈટમાં બ્રોન્ઝ મેડલ હાંસિલ કર્યો હતો જ્યારે આર્ય ધર્મેન્દ્ર પટેલે કરાટે ફાઈટમાં સિલ્વર મેડલ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું. બન્ને ભાઈઓએ સેન્સાઈ દર્શનભાઈ સુથાર જોડે તાલીમ લઈ રહ્યા છે. ચેમ્પિયન બનવા બદલ વાડોકાઈ કરાટે-ડો ગુજરાતના ટેકનીકલ ચીફ ડાયરેક્ટર શિહાન અરવિંદ રાણા સાહેબ અને કેન્દ્રીય વિદ્યાલય પરિવાર દ્વારા બન્ને ભાઈઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ફેઈથ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરના સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં

# 'વર્લ્ડ નો ટોબેકો ડે' નિમિતે યોજાયેલી સાઈકલોથોનનો આજે તૃતીય દિવસે જનજાગૃતિનો કાર્યક્રમ

ફેઈથ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૧ મે વર્લ્ડ નો ટોબેકો ડે ની ઉજવણી કરવામાં આવે છે આ વર્ષની થીમ 'WE NEED FOOD NOT TOBACCO' ને ધ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ૧૩ મે થી ૧૭ મે ૨૦૨૩ દરમિયાન મહેસાણા થી વડોદરા સુધીનો સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૩ મે ના રોજ મહેસાણા જિલ્લાના કડી ગામથી નીકળીને ૧૪ મે ના રોજ ગાંધીનગરના કલોલ ગામ અને રૂપાલ ગામમાં ટોબેકો ફ્રી વર્ક પ્લેસ અને સ્મોક ફ્રી વિલેજ માટે જન જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા સાથે - સાથે નાટક દ્વારા COTPA એક્ટની સમજ આપવામાં આવી હતી

આજ રોજ ગાંધીનગરના સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં જન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં ડૉ. કથીરા ડેપ્યુટી ડાયરેક્ટ આરોગ્ય વિભાગ ગવર્મેન્ટ ઓફ ગુજરાત, ડૉ. અનિલ ચૌહાણ IMA ગાંધીનગર તથા ગુજરાત એસેમ્બલી નાં ડૉક્ટર, નહેરુ યુવા કેન્દ્ર સંસ્થાના શ્રીમતિ મનીષા શાહ - સ્ટેટ ડાયરેક્ટર, શ્રીમતિ ચેતના જાની ડાયરેક્ટર - આયુષ , ડૉ. મુકેશ પટેલ STCP ટોબેકો પ્રોગ્રામ ઈન્ચાર્જ, ડૉ. દિનેશ બારોટ TB ઓફિસર આણંદ, ડૉ. સંગીતા જોશી વૈદ પંચકર્મ અને એમનો સ્ટાફ, ફેઈથ ફાઉન્ડેશનના ૬૦ જેટલાં વોલેન્ટર્સને ચીફ ગેસ્ટ દ્વારા સ્વાસ્થ્ય અને વ્યસન મુક્તિ સંબંધિત ચર્ચા કરવામાં આવી. તેમણે વ્યસન છોડવા અને દૂર રહેવા માટે મનોબળ મક્કમ કરી યોગા જેવા ઉપચારો બતાવ્યા. આ કાર્યક્રમમા COTPA એક્ટ ૨૦૦૩, પર સ્કીટ અને પોસ્ટર પ્રદર્શન કરી જનજાગૃતિ ફેલાવવામાં આવી અને અંતે આવેલા મહાનુભાવના હસ્તે સાઇકલોથોન નું ફ્લેગ ઓફ કરવામાં આવ્યું સાયકલ લિસ્ટ ગાંધીનગર થી અમદાવાદ જવા તરફ નીકળ્યા.

## ભારત વિકાસ પરિષદ ગુજરાતના પ્રમુખ તરીકે

# ફાલ્ગુનભાઈ વોરાની વરણી તથા સચિવ તરીકે સુરેશભાઈ પટેલની વરણી

ભારત વિકાસ પરિષદ,અખિલ ભારતીય કક્ષાએ કાર્ય કરતું સામાજિક,સેવાભાવી,બિન રાજકીય સંગઠન છે. તેનાં ઉપક્રમે ભારત વિકાસ પરિષદની ગુજરાત મધ્ય પ્રાંતની વાર્ષિક અસાધારણ સભા મણિનગર, સ્થિત એવા હેડગેવાર ભવન અમદાવાદ ખાતે યોજાઈ ગઈ.આ સભામાં ભારત વિકાસ પરિષદ ગુજરાતના ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ રામાણીની

અધ્યક્ષતામાં,ભા.વિ.પનાં અખિલ ભારતીય અધિકારી શ્રી આર. કે. ભગત સાહેબ દ્વારા આગામી વર્ષ એટલે કે, વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગુજરાત મધ્યપ્રાંત ના પ્રમુખ,સચિવ, ખજાનચી, મહિલા સંયોજિકા તેમજ સમગ્ર કારોબારીની જાહેરાત કરવામાં આવી. જેમાં પ્રમુખ તરીકે શ્રી ફાલ્ગુનભાઈ વોરા, સચિવ તરીકે શ્રી સુરેશભાઈ પટેલ,ખજાનચી તરીકે શ્રી મનસુખભાઈ કાછડીયા,મહિલા સંયોજીકા તરીકે શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર તેમજ સમગ્ર કારોબારીના નામની જાહેરાત કરવામાં આવી. આ પ્રસંગે ભારત સરકાર દ્વારા વિશિષ્ઠ સેવા મેડલ તેમજ શૌર્યચક્ર થી સન્માનીત એવા ઝાંબાજ બલિદાની શહીદ વીરલાન્સ નાયક શ્રી ગોપાલ સિંહ મુનિમસિંહ ભદોરીયાના માતા-પિતાનું વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યું હતું.

## પાટણ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પ્રયાસ

# વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા બનાવાયેલ માનવતાની દીવાલ યોગ્ય જાળવણીના અભાવના કારણે મેલી બની

પાટણ શહેરમાં અનેક સેવાકીય સંસ્થાઓ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે. ત્યારે પાટણ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશન પાટણ દ્વારા શહેરના રેલવે ગરનાળા સામે જનતા હોસ્પિટલ નજીક નાયક સોસાયટીની પાસે માનવતાની દીવાલ કાર્યરત કરવામાં આવી છે. જે માનવતાની દિવાલ ખાતે ગર્ભ શ્રીમંતો દ્વારા પોતાના બિનજરૂરી કપડા,ચપ્પલ સહિતની બિનઉપયોગી વસ્તુઓ જરૂરિયાત મંદ લોકો ને ઉપયોગી બને તે માટે મુકી જતાં હોય છે. અને જે લોકો જરૂરિયાત વાળા હોય તે લોકો આવી વસ્તુઓ પોતાના ઉપયોગ માટે લઈ પણ જતાં હોય છે.

પરંતુ દુઃખ ની વાત એ છે કે જે ઉદેશ થી જિલ્લા વહીવટી તંત્રના સહયોગ થી પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા નિર્માણ કરવામાં આવેલી આ માનવતાની દીવાલ આજે ફાઉન્ડેશન ની નિષ્ક્રિયતા ના કારણે માનવતાની દીવાલ ની જગ્યાએ મેલી દિવાલ બની હોય તેવું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. જયારથી પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા આ માનવતાની દિવાલ કાર્યરત બનાવવામાં આવી છે તે પછી ફાઉન્ડેશનના સભ્યો દ્વારા ક્યારે પણ આ માનવતાની દીવાલની મુલાકાત લેવામાં આવી ન હોય જેના કારણે ગર્ભ શ્રીમંતો દ્વારા અહીં મૂકી જવાતા પોતાના બિનજરૂરી કપડા, ચપલો સહિતની ચીજ વસ્તુઓ કેટલાક જરૂરિયાત મંદ વગરના લોકો માનવતાની દીવાલ પરથી લઈ જઈ રહયા છે તો કેટલાક ગેરેજ વાળાઓ પણ માનવતાની દિવાલ પર મુકવામાં આવેલા કપડાઓ લઈ જઈ તેનો ઉપયોગ ગાડીઓ લુછવા ને ગાડીઓના રીપેરીંગ કામ માટે ઉપયોગ કરી રહ્યા હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. તો કેટલાક અસામાજિક તત્વો અવારનવાર માનવતાની દીવાલમાં કુદરતી હાજત પણ કરી જતા હોય છે. તો રખડતા ઢોરો પણ ક્યારેક ક્યારેક આ માનવતાની દીવાલમાં આરામ ફરમાવતા હોવાનું જોવા મળી રહેતું હોય છે. જેના કારણે માનવતાની દીવાલમા ગંદકી નું સામ્રાજ્ય પણ સર્જાતા આજુબાજુના લોકોને તેની દુર્ગંધનો સામનો કરવો પડતો હોય છે. આ માનવતાની દીવાલ કાર્યરત કરનાર પ્રયાસ વેલ્ફેર ફાઉન્ડેશનના સભ્યો દ્વારા સપ્તાહમાં એક વખત આ માનવતાની દીવાલની મુલાકાત લઈ માનવતાની દીવાલને મેલી બનતી અટકાવે અને સાચા અર્થમાં માનવતાની દીવાલ જરૂરિયાતમંદ માનવીઓ માટે માનવતા ની મહેક મહેકાવતી બની રહે તેવા પ્રયાસ ફાઉન્ડેશન દ્વારા પ્રયાસ હાથ ધરાય તેવું લોકો ઈચ્છી રહયા છે.

**રિપોટર નિખીલ જોષી પાટણ બ્યુરો**

# રામ નામથી સાત્વિક સૃષ્ટિનું સર્જન થાયઃ મોરારિબાપુ

ગાંધીનગર,

ગાંધીનગરના વલાદ ગામ પાસે પુ.મોરારિબાપુ ૯૧૭ મી રામચરિત માનસ કથા માનસ આચાર્ય આજે તૃતીય દિવસે વિશિષ્ટ રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. નિજાનંદ ગ્રુપ તથા ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના સંયુક્ત યજમાન પદે યોજાયેલી આ રામકથામાં ત્રીજા દિવસે પુ.મોરારિબાપુએ કહ્યું કે શિક્ષકે ×સાધુ શિક્ષક ×બનવું હોય તો ઉગ્ર સ્વભાવને છોડવો પડે. શિક્ષણમાં પ્રાર્થનાનું ખૂબ મહત્વ છે.ગાંધીબાપુ અને આપણાં અન્ય મહાનુભાવો પણ પોતાના જીવનમાં પ્રાર્થનાને ચુક્યા નથી. તેથી જ બાપુ હંમેશા કહેતાં કે જો હું પ્રાર્થનામાં મોડો પડીશ તો એટલું સ્વરાજ મોડું મળશે. ગીતાજીનો સાર બધા જ ધર્મની માં છે.બધા જ ધર્મના રહસ્યો એ ગીતાજીમા છે. જો હરિ અનુકૂળ હોય તો અમૃત પણ ઝેર થઈ જાય છે. શિક્ષકત્વની વાતો કરીને બાપુએ મહુવાના એક આચાર્ય બેન કે જેઓ વર્ષોથી શિક્ષણ આપવા માટે કોઈ પગાર લેતા નથી તેનું ઉદાહરણ આપીને શિક્ષકોના સમર્પણ માટે ખાસ વિશેષ ભાર મુક્યો.આજે મનસુખરામ માસ્તરના આખ્યાન સાથે કથાનું સમાપન થયું.આવતી કાલે શિવ વિવાહ અને રામજન્મની કથા આવશે.

આજની કથામાં ધારાસભ્યશ્રી કાંતિભાઈ અમૃતિયા,શ્રી ભવાનભાઈ ભરવાડ,માજી મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી એમ.આઈ જોશી, પુરુષોત્તમ રૂપાલા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા વાર્તાકાર કેશુભાઈ દેસાઈ વગેરે ઉપસ્થિત હતાં.

# ગુજરાતનાં ૨૦૭ જળાશય અડધા ખાલીઃ સરદાર સરોવર ડેમમાં ૪૮ ટકા પાણી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં વિધિવત્ રીતે ચોમાસું બેસવાને હજુ એક મહિનાની વાર છે, પરંતુ જો વરસાદ ખેંચાય તો પાણીની સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઇ રહી છે, કારણ કે રાજ્યનાં ૨૦૭ જેટલા જળાશયો અત્યારે અડધો અડધ ખાલી છે જ્યારે ગુજરાત આખાને પીવાનું અને સિંચાઇનું પાણી પૂરું પાડતા સરદાર સરોવર બંધમાં પણ ૪૮ ટકા જેટલું જ પાણી બચ્યું હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની પાર પહોંચી ચૂક્યું છે. ગરમી વધવાની સાથે જ રાજ્યના અનેક જિલ્લામાં પાણીની તંગી ઉભી થવાનો ખતરો વધ્યો છે. રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં ૪૩.૧૪ ટકા પાણી છે. ખાસ કરીને રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં અત્યારે ૪,૫૩૦ ક્યૂબિક મીટર પાણી છે, એટલે કે તે ૪૮ ટકા ભરેલો છે. રાજ્યમાં ઝોન પ્રમાણે જળાશયોમાં પાણીની સ્થિતિ પર નજર નાખીએ તો, ઉત્તર ગુજરાતના ૧૫ ડેમોમાં ૩૫.૯૨ ટકા પાણી, એટલે કે ૬૯૩ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો છે. જ્યારે મધ્ય ગુજરાતના ૧૭ ડેમોમાં ૩૬.૧૦ ટકા સાથે ૮૪૧ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતના કુલ ૧૩ ડેમમાં ૪૭.૭૫ ટકા એટલે કે ૪,૧૧૮ એમસીએમ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જો સૌરાષ્ટ્રની વાત કરીએ તો, અહીંના ૧૪૧ ડેમોમાં ૨૩.૫૭ ટકા સાથે ૬૧૦ એમસીએમ પાણીનો જથ્થો છે. જ્યારે કચ્છના ૨૦ ડેમોમાં ૩૧.૭૮ ટકા સાથે ૧૦૫ ક્યૂબિક મીટર પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં દર વર્ષે પાણીની તંગીનો પ્રશ્ન સર્જાતો હોય છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4